
# સહજ-સત્સંગ

Year : 1 Issue : 7 Dt. 1-8-2013 Page - 52 માસિક





# મા મીરાંબિકા

Give me Thy light, O Lord
grant that I do not fall into any error.

- The Mother

## શ્રદ્ધાની શક્તિ

ભાવાનુવાદ

ઓ પ્રભુ, મુજને તું પ્રકાશ આપજે સદા,
અને વધારાની ખાતરી પણ રહે મુજને ભલા,
કે ના હું પડું કોઈ પતનને ને અજ્ઞાને કદા,
અને કોઈ ભૂલ ન કરી બેસી બોલાવું ઘોર વિપદા.

- શ્રી માતાજી

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૮ સટેમ્બર ૧૯૧૪)



હે પ્રભુ, તું જાણે કે એક રાજા છે; જેણે પોતાનું સામ્રાજ્ય સંપૂર્ણ કબજામાં રાખેલ છે. તું તેના દરેક પ્રદેશને વ્યવસ્થિત કરતો, યથા સ્થાને ગોઠવતો, તેમનો વિકાસ કરતો, તેમને સમૃદ્ધ બનાવતો, ઊંઘતાને જગાડતો, બધાને સક્રિય કરતો સમષ્ટિમાં એક સંવાદિતા રચી રહ્યો છે. એવો દિવસ આવશે જ્યારે સંવાદિતા રચાઈ ગઈ હશે. સમગ્ર જીવન-તારા આવિર્ભાવનું માધ્યમ બની રહેશે. તારા શબ્દનું વહન કરશે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ |
|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પ્રભુનો શબ્દ : સમષ્ટિમાં પૂર્ણતા સાથે સંવાદિતા) | ૫ |
| **શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન** | ૬ |
| **દિવ્યજીવન** (દિવ્ય જીવનનો આધાર) | ૯ |
| **માતૃવાણી** (સ્વપ્નાંઓનું મહત્ત્વ) | ૧૧ |
| **સાવિત્રી** (સિદ્ધયોગીની ભૂમિકા) | ૧૫ |
| **યોગ વિષે પત્રો** (અતિમનસ અને અધિમનસ) | ૧૯ |
| **શ્રી અરવિન્દ : પોતા વિષે** (પરંપરાગત યોગોની નબળાઈ) | ૨૩ |
| **ઉપનિષદો** (પ્રભુ) | ૨૫ |
| **વેદ-રહસ્ય** (ઉષાનું સ્વરૂપ ) | ૨૮ |
| **વિદ્યાર્થીઓને માર્ગદર્શન** (સામાજિક સંબંધો કેવી રીતે નિભાવવા ?) | ૩૧ |
| **જાતક કથાઓ** (અગમચેતી) | ૩૫ |
| **સાંજના વાર્તાલાપો** (સૌંદર્યનો ભાવ અને ચૈતસિક અસ્તિત્વ) | ૩૬ |
| **યોગ પર દીપ્તિઓ** (ચેતનાનાં સ્તરો અને વિભાગો) | ૩૯ |
| **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** (પોતાની છેતરામણી (૪૯) | ૪૧ |
| **વેદવિજ્ઞાન** (વૈદિક દેવતા - સૂર્ય (આદિત્યાઃ) | ૪૩ |
| **યોગનાં મૂળતત્ત્વો** (અભીપ્સા) | ૪૫ |
| **શ્રી અરવિન્દના ચાર સાક્ષાત્કાર** **પૂર્ણયોગના ચાર આધાર - સ્તંભ** | ૪૭ |
| **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |



**મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું**
**શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક**

**સહજ-સત્સંગ**
**અંક : ૭ વર્ષ : ૧**
**ઓગસ્ટ - ૨૦૧૩**

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિ પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવા ચેક, ડ્રાફ્ટ, પોસ્ટલ ઓર્ડરથી **'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



**(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)**

# પ્રભુનો શબ્દ : સમષ્ટિમાં પૂર્ણતા સાથે સંવાદિતા

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પ્રભુ તું તો સમગ્ર બ્રહ્માંડનો, અમારા આ સૂર્યકૂળનો, અમારી આ ધરતીનો, અમારા આ દેશનો અને મારો પણ માલિક છે. તું એક સમ્રાટ છે.

જે પોતાના આ સામ્રાજ્યને અને તેના નાના મોટા બધાં જ વિભાગોને વ્યવસ્થિત કરી રહ્યો છે. પોતાની આસપાસ ગોઠવી રહ્યો છે. તેમને તારી કેન્દ્રિય હાજરી સાથે સંબંધમાં લાવીને, તેના પ્રકાશને સુસંવાદી બની ધારણ કરતા શીખવી રહ્યો છે. દરેક વસ્તુને યથાસ્થાને ગોઠવે છે અર્થાત દરેક વસ્તુ જે ઉપયોગ માટે રચાઈ છે તે હેતુ મુજબ જ તેમની પાસેથી કામ લઈ રહ્યો છે. એકનું કાર્ય બીજો કરે તેવું ધર્મ સંકર થવા દેતો નથી. દરેક પ્રદેશને તું વિકસાવી રહ્યો છે. વિકાસ એટલે પ્રભુનો પોતાની દ્વારા વધુને વધુ પૂર્ણ આવિર્ભાવ કરવો, વધુને વધુ સમય તેને ટકાવી રાખવો, ધારણ કરી રાખવો અને વધુને વધુ તીવ્રતાથી, ઉત્કટતાથી પૂર્ણતાથી દરેકને પોતાના સ્વભાવ ધર્મમાં, પોતાના મૂળભૂત ગુણધર્મોને અનુસરીને તે મુજબ જ જીવન જીવવાનો પ્રયત્ન કરવો. આ રીતે વિકાસ ત્રણ કક્ષાએ સતત ચાલતો હોય છે.

૧ આવિર્ભાવની વધતી પૂર્ણતામાં

૨ આવિર્ભાવના વધતા જતા સમયગાળામાં

૩ આવિર્ભાવની તીવ્રતા અને ઉત્કટતામાં

આવિર્ભાવની પૂર્ણતા એટલે સમગ્ર સ્વરૂપમાં, તેના વિવિધ ભાગોમાં પરિપૂર્ણ બનેછે. તે વધુને વધુ દિવ્ય, પ્રકાશમય બનતી જાય છે.

જે તમસમાં જડ બની ગયાં હતાં, તે તત્વો અને વિભાગોને તું જગાડે છે. જે જાગે છે તેમને ચાલતાં કરે છે. જે ચાલે છે તેમને દોડાવે છે. (અનુ.પૃ.૧૪ ઉપર)

# શ્રી માતાજીનું માનવજાતિને પ્રદાન

- જ્યોતિબેન થાનકી

આવા દિવ્ય દેહનું શ્રી અરવિન્દે પોતાના મહાકાવ્ય સાવિત્રીમાં વર્ણન કરતાં કહ્યું છે કે એ દેહમાં પ્રત્યેક કોષ અને મજ્જાતંતુમાં દિવ્યચેતનાનો પ્રવાહ જ વહેતો હશે. અને એ જ પરમશક્તિ મનુષ્યના શ્વાસ, વાણી અને કાર્યોનું સંચાલન કરતાં હશે અને ત્યારે મન જ્યોર્તિમય બની જતાં બધા જ વિચારો સૂર્યના કિરણ જેવા તેજોમય હશે. અને પ્રત્યેક લાગણી સ્વર્ગના આનંદની અભિવ્યક્તિ રૂપ હશે. તે વખતે શરીર પોતે પ્રભુનું સ્મરણ કરતું હશે અને પ્રકૃતિ મર્ત્યતામાંથી પાછી વળી જશે. પૃથ્વીના અંધબળોને આત્માની જ્યોતિ દોરતી હશે.

આવા સ્વર્ણિમ દેહની રચના કરવા માટે શ્રી માતાજીએ ભગીરથ સાધના કરીને સૂક્ષ્મમાં તેજોમય દેહનું સર્જન પણ કર્યું. ૧૯૭૨માં તેમણે સૂક્ષ્મ શારીરિક પ્રદેશમાં પોતાનું જાતિવિહિન તેજોમય સ્વરૂપ જોયું. આ દિવ્ય સ્વરૂપ સૂક્ષ્મ શારીરિક પ્રદેશમાં વિદ્યમાન છે. પણ હજુ સ્થૂલ શારીરિક ભૂમિકામાં આવિર્ભાવ પામ્યું નથી. એ માટે શરીરના ગુણધર્મો પ્રમાણે આ શરીર મૃત્યુમુક્ત બની શકે નહીં. એ માટે શરીરના ગુણધર્મો પૂરેપૂરા બદલાઈ જવા જોઈએ. પરંતુ આ ટૂંકા જીવનકાળ દરમિયાન સ્થૂલ શરીર પૂરેપૂરું બદલી શકે નહીં તેમ શ્રી માતાજીએ જણાવ્યું હતું. પણ ભવિષ્યમાં એ શક્યતા જરૂર બની આવશે. શ્રી માતાજીએ કહ્યું છે કે, ''હવે એ માટેનો રસ્તો તૈયાર થઈ ગયો છે પણ એ કેટલો લાંબો છે, એની મને ખબર નથી.''

આ રસ્તે જવા માટે ચેતનાની સ્થિતિ શાંત, સ્થિર અભીપ્સાયુક્ત અને શ્રદ્ધાસભર હોવી જોઈએ કેમકે અહીં તો દેહકોષમાં નવી શક્તિ સક્રિય કરવાની છે. આથી કોષોમાં નવી શક્તિને અનુકુલન સાધવાની અભીપ્સા જરૂરી છે. સાથે સાથે અવિચલ શ્રદ્ધા પણ જરૂરી છે કે શરીરને કોઈ પણ પરિસ્થિતિમાંથી પસાર

થવું પડે તો પણ અંતે તો વિજય છે જ. એ ઉપરાંત સહન શક્તિ પણ જરૂરી છે. શરીરને જે જે સ્થિતિમાંથી પસાર થવું પડે તે બધું સહી શકે તેવી આંતરિક સ્થિતિ જરૂરી છે. શ્રી માતાજીએ જણાવ્યું હતું કે તમે રીબાતા હો, તમે થાકી ગયા હો, તો પણ તમારે સહી લેવાનું છે, ટકી રહેવાનું છે.'' જો શરીર ખલાસ થઈ જાય તો શરીરમાં કરેલી તમામ સાધનાઓ પણ ખલાસ થઈ જાય. કેમકે કોષો તો ભૌતિક છે, એના વિસર્જનની સાથે તેમાં કરેલી સાધના પણ નાશ પામે છે. આથી કોષોનું દિવ્યરૂપાંતર પૂરેપૂરું ન થાય ત્યાં સુધી શરીર ટકી રહેવું જોઈએ.

આટલી આંતરિક તૈયારી સાથે સજ્જ થઈને આ સાધનામાં ઝંપલાવ્યા પછી પણ કંઈ સહેલાઈથી રૂપાંતર થઈ જતું નથી. કેમકે આ રૂપાંતર એ મનુષ્યના હાથની વાત નથી. શ્રી માતાજી કહે છે કે, ''પરમ ચેતનાનો સંપર્ક સાધવો, તેની સાથે તદ્રૂપ થવું અને પછી રાહ જોવી.'' - આ જ રસ્તો છે પરમ ચેતના સાથે એકરૂપ બન્યા પછી એ ચેતના દ્વારા જ રૂપાંતરની પ્રક્રિયા શરૂ થાય છે. મનુષ્યની શક્તિની પહોંચ બહારનું આ કાર્ય છે. એ તો ભગવાનની શક્તિ જ આ કાર્ય કરી શકે. આ માટે અહંકારનું સંપૂર્ણ વિસર્જન કરવાનું રહે છે. જો અહંકાર હોય તો પરમ ચેતના સાથેનો સંપર્ક બની આવતો નથી.

આ રીતે શ્રી અરવિન્દના દેહત્યાગ પછી ત્રેવીસવર્ષ સુધી શ્રી માતાજીએ દેહની ભૂમિકા પર સાધના કરી તેના દિવ્યરૂપાંતરનો માર્ગ કંડારી આપ્યો. એટલું જ નહીં પણ એ માર્ગની મુશ્કેલીઓ, જોખમો અને એ માટેની આવશ્યક બાબતો એ બધાનું સ્પષ્ટ નિદર્શન પણ આપ્યું. પોતાની ઉગ્ર સાધનાથી એમણે જડતત્ત્વને એવું મુલાયમ અને નમનીય બનાવ્યું કે તે પરમ શક્તિને કોઈ પણ જાતની વિકૃતિ વગર ગ્રહણ કરી શકે. તેમણે જડતત્ત્વના ભીતરમાં રહેલા પરમાત્માને પ્રગટ કર્યા અને દેહકોષોને સભાન અને સચેતન બનાવ્યા. અને દિવ્ય માનવજાતિના આગમનની ભૂમિકા તૈયાર કરી આપી.

**માનવજાતિની એકતાનું વિરાટ પગલું - ઑરોવિલ :**

''પૃથ્વી ઉપર ક્યાંક એવું સ્થળ હોવું જોઈએ કે જેના ઉપર કોઈપણ રાષ્ટ્ર પોતાની માલિકીનો દાવો ન કરે. એવા સ્થાનમાં જગતના સર્વ શુભ ભાવનાવાળા લોકો, સાચી અભીપ્સાવાળા લોકો, જગતના નાગરિકો તરીકે મુક્તપણે રહે. પૃથ્વી ઉપર તેઓ માત્ર એક જ સત્તાની આણ સ્વીકારે અને તે સત્તા તે પરમ સત્યની જ સત્તા હોય. એ એક શાંતિનું સ્થળ હશે, સુમેળ અને

સુસંવાદિતાનું સ્થળ હશે.''

૧૯૧૨માં શ્રી માતાજીએ સમગ્ર પૃથ્વી ઉપર એક એવા સ્થળનું જ્યાં માત્ર સત્યનું જ શાસન હોય અને જ્યાં આત્માના વિકાસ માટે જાગ્રતપણે પ્રવૃત્તિઓ થતી હોય એવા સ્થળનું સ્વપ્ન સેવ્યું હતું. ૧૯૬૮ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખે એવા સ્થળ - ઑરોવિલનો પાયો નાંખ્યો. ઑરોવિલને દિવ્યચેતનાના આવિર્ભાવનું નગર ગણાવી શકાય. તેના પાયામાં વિશ્વના ૧૨૬ દેશના યુવાન-યુવતીઓએ શિવલિંગ આકારનું મહાપાત્ર ઑરોવિલની મધ્યમાં રાખવામાં આવેલું છે. શ્રી માતાજીએ ઑરોવિલ શું છે, તે તેના મુદ્રાલેખમાં સ્પષ્ટપણે જણાવ્યું છે. તે મુદ્રાલેખ આ પ્રમાણે છે :

(૧) ઑરોવિલ કોઈપણ વ્યક્તિનું નથી. પણ ઑરોવિલ સમગ્ર માનવજાતિનું છે. ઑરોવિલમાં નિવાસ કરવા માટે માણસે સ્વેચ્છાથી દિવ્યચેતનાના સેવક બનવું જોઈએ.

(૨) ઑરોવિલ એ અનંત કેળવણીનું, અખંડ પ્રગતિનું અને કદી વૃદ્ધ ન થતા યૌવનનું પ્રતીક બનશે.

(૩) ઑરોવિલ ભૂત અને ભવિષ્ય વચ્ચે સેતુ બનવા ઈચ્છે છે. બાહ્ય તેમજ આંતરિક રીતે થયેલી સર્વ શોધખોળોનો ઉપયોગ કરીને ઑરોવિલ હિંમતપૂર્વક ભાવિના સાક્ષાત્કારો માટે કૂદકો મારશે.

(૪) ઑરોવિલ એ સઘન માનવ એકતાને જીવંત દેહ આપવા માટે ભૌતિક અને આધ્યાત્મિક સંશોધન માટેનું સ્થાન બનશે. (ક્રમશઃ)

---

(અનુ.પૃ.૩૦ ઉપરથી) **વેદ-રહસ્ય - ઉષાનું સ્વરૂપ**

તેમ ઉષા વધારે વિશાળ, મજબૂત અને લાંબો કાળ ટકે છે અને રાત્રિ વધારે નબળી, ક્ષણજીવી બનતી જાય છે. એટલું જ નહિ પોતાના ગાઢા અંધકારને તે ધીમે ધીમે વધારે ને વધારે મંદ પ્રકાશમય કરતી જાય છે.

ઉષા અને રાત્રિના દરેક આવર્તનના તબક્કામાં ચેતનાનો પ્રકાશરંગ બદલાતો દેખાય છે. ઘાટો કૃષ્ણ પ્રકાશ રંગથી શરૂઆત કરી શ્યામ-જાંબલી-લાલ-કેસરી-લીલો-ઘાટો નીલ-આછો નીલ, કપૂર જેવો ધવલ અંતે પારદર્શક પાણી જેવો બની તેમાં સોનેરી પ્રકાશ ભરાતો જાય છે. પ્રથમ રતૂમડો, પછી પીળો અંતે નીલરંગી અને અંતે હીરક પ્રકાશ તરીકે સ્થિર થાય છે. (ક્રમશઃ)

# દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

## દિવ્ય જીવનનો આધાર

પ્રકરણ - ૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આ રીતે આપણે ભૌતિકવાદ અને અધ્યાત્મવાદ બંનેમાં સમન્વય સાધી જીવનને સર્વાંગપૂર્ણ રીતે દૈવી જીવન બનાવવાનો પ્રયત્ન આદર્યો છે. અધ્યાત્મવાદીઓનું મૂળભૂત તત્ત્વ કે આત્મતત્ત્વ આ વિશ્વ મારફત આવિર્ભાવ પામવા પ્રયત્ન કરી રહ્યું છે અને તેનો પૂર્ણ આવિર્ભાવ એટલે જ દિવ્ય જીવન એ આપણે માન્ય રાખ્યું છે. આ આવિર્ભાવને ધારણ કરવા માટે ભૌતિક તત્ત્વની જરૂર છે. ભૌતિક તત્ત્વ તે આવિર્ભાવની પ્રક્રિયાનો આધાર છે. આધાર તરીકે ભૌતિક જીવનનું આગવું મહત્વ છે. એ આપણે માન્ય કરવું જોઈએ. દૈવી જીવનને પૃથ્વી ઉપર વાસ્તવિક કરવા માટે આધ્યાત્મિક અને ભૌતિકવાદ બે પાંખો છે. જેની આધારે આપણે દૈવી જીવન વિકસાવવા માટે દિવ્ય ઉડાન ભરી શકીએ છીએ.

પરમપ્રભુનો આવિર્ભાવ સંવાદપૂર્ણ બને, તેમાં આંતરિક અને બાહ્યવૈભવનો સુભગ સંગમ થાય એ જરૂરી છે. આપણા સ્વરૂપમાંના દરેક તત્ત્વને તેનું યોગ્ય સ્થાન આપવું જરૂરી છે. તેને દિવ્ય બનાવવું જરૂરી છે. પૂર્ણયોગનું આ લક્ષ્ય છે. આ સર્વાંગી યોગનો આપણે સ્વીકાર કરીએ છીએ. ભૌતિક જીવન, સામાજિક જીવન, આર્થિક જીવન, રાજકીય જીવન, કલાત્મક જીવન, સાહિત્યિક જીવન, નૈતિક જીવન, ધાર્મિક જીવન અને આધ્યાત્મિક જીવન મારફતનો મુખ્ય હેતુ પણ પરમ-ચેતનાનો સર્વાંગપૂર્ણ આવિર્ભાવ જ

બની રહે, એવી નવરચના અને ઘડતર કરવા આપણે પ્રેરાયા છીએ. તેથી જીવનનું કોઈ પણ પાસું દૂર્લક્ષિત ન થાય એની આપણે કાળજી રાખવી જરૂરી છે. આપણે બધાનો જ સમન્વય સાધવા ઈચ્છીએ છીએ. ગૌતમબુદ્ધની જેમ આપણે મધ્યમમાર્ગી છીએ. એ અર્થમાં કે આપણે કોઈ પણ તત્વની અતિરેકી માગણી માન્ય કરતાં નથી અને કોઈ તત્ત્વની વ્યાજબી માગણી ઠુકરાવતા નથી. બધાને યોગ્ય સ્થાન આપવું એ જ સંન્યાસ છે. સંન્યાસ એટલે ગૃહ અને સમાજનો ત્યાગ નહિં પણ સમ્યક રીતે દરેક તત્ત્વને ગોઠવવું - ન્યાસ કરવું એટલે સંન્યાસ - ''સમ્યક ન્યાસમ્ સન્યાસમ્''. વૈદિક ઋષિઓ આવા સંન્યાસના પૂરસ્કર્તા હતાં.

દૈવી જીવન કેવું હશે તે આપણને વૈશ્વિક ચેતનામાં ગયા પછી જ સમજાય છે. ત્યાં ભૌતિક જીવનમાં જે ભૌતિક પદાર્થ અને ચેતના વચ્ચે તદ્દન વિરોધી તફાવત જણાય છે, તેવો ત્યાં જણાતો નથી. ત્યાં વૈશ્વિક ચેતનામાં ભૌતિક પદાર્થ ચેતનાનું વાહક અને આવિર્ભાવનું સાધન બની જાય છે. જ્યારે ચેતનાને ભૌતિક પદાર્થને ઉત્ક્રાંત કરતી શક્તિ તરીકે અનુભવાય છે. ભૌતિક પદાર્થ ચેતનાનું શરીર બને છે અને ચેતના તે શરીરમાં રહેનાર પુરૂષ. બંને વચ્ચે એક વિસંવાદ વગરનો સંવાદ સધાય છે. આ વૈશ્વિક ચેતનામાંનાં બધા તત્ત્વોની સંવાદિતા એ જ દિવ્ય જીવનનો મર્મ બની જાય છે. આપણે આપણા ભૌતિક જીવનમાં આવી જ સંવાદિતા સ્થાપવી છે. પણ આમાં સંવાદિતા સ્થપાય છે તે આવિર્ભાવમાટે પ્રવૃત્ત ચેતનાની અને ભૌતિક પદાર્થની. અધ્યાત્મવાદીઓ જે નિષ્ક્રિય, અચલ એવી ચેતનાની અનુભૂતિ કરે છે, તેવી ચેતનાનું આ આવિર્ભાવ પ્રક્રિયામાં સ્થાન શું ? આ બાબતનું પણ સમાધાન મેળવવું જરૂરી છે. વાસ્તવિકતા એ છે કે અચલ નિષ્ક્રિય, શાંત ચેતનામાં જ ઉત્ક્રાંતિ અને જગતનિર્મિતિનો સંકલ્પ ગુપ્ત રીતે વવાયેલો પડ્યો છે. તે સંકલ્પ જ્યારે સક્રિય બની ચેતનાના અગાધ ઊંડાણમાંથી ઉપર પ્રકટ થાય છે ત્યારે જ તે અચલ બ્રહ્મનો જ એક અંશ તે સંકલ્પને સભાન રીતે ધારણ કરીને પોતે આવિર્ભાવ પામતી ચેતનાનું સ્વરૂપ લે છે. વેદાંત આવી ચેતનાને 'સબલ બ્રહ્મ' કહે છે. તે ચેતનામાં આદિ સંકલ્પને કારણે શક્તિ અને શક્તિમાંથી

(અનુ.પૃ.૧૮ ઉપર)

# માતૃવાણી

- શ્રી માતાજી

## અવતરણો

# સ્વપ્નાંઓનું મહત્ત્વ

**(માતૃવાણી ભા.-૨, પૃ.૨૧૨-૨૨૦) (ચર્ચાના મુદ્દા સંક્ષેપમાં)**

પ્રકરણ - ૩૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ સ્વપ્નને આપણે જાગૃત અવસ્થાની તુલનામાં ઓછું મહત્ત્વ આપીએ છીએ (પણ તે વાસ્તવિકતા નથી કારણ ) જીવનનો ૧/૩ ભાગ આ ઊંઘ અને સ્વપ્નો રોકી લે છે. તે ઘણો મોટો ભાગ કહેવાય.

૨ ભૌતિક જાગૃત-અવસ્થામાં આપણે આંતરિક-ઇન્દ્રિયોનો ઓછો ઉપયોગ થાય છે, તેથી તે ઊંઘમાં સક્રિય વધુ થતી જોવા મળે છે.

૩ આધુનિક વિજ્ઞાન મુજબ સ્વપ્ન વગરની નિદ્રા લગભગ હોતી જ નથી. ઊંઘનો ૯૦% સમય ગાળો સ્વપ્નાવસ્થાનો જ હોય છે.

૪ અવચેતન જાગૃત-અવસ્થામાં આપણી જાગૃત-વિવેકશક્તિને કારણે ઓછું પ્રગટ થાય છે, પણ સ્વપ્નાવસ્થામાં લગભગ તે જ તમારી સાચી જાત દર્શાવે છે અને અતૃપ્ત કામનાઓને તૃપ્ત કરે છે.

૫ કામનાઓ રૂપઘડતરો રચે છે. તે ઘડતરો જાગૃત કાળમાં આપણામાં પ્રવેશીને પોતાનાં પરિણામો દર્શાવી શકતા નથી, તેથી તે રાત્રે તમારામાં પ્રવેશી સ્વપ્નાંઓ નિર્માણ કરે છે.

૬ આપણા પ્રગતિના સંકલ્પમાં અવરોધક વસ્તુઓ જાગૃતકાળમાં સાધનાને બગાડી શકતી નથી, તેથી તે રાત્રે ઊંઘ દરમિયાન સક્રિય થઈ અવરોધો રચે છે.

આ બધાં કારણોસર સ્વપ્નાંનું મહત્ત્વ વધી જાય છે. આપણે સ્વપ્નાંઓનો

પ્રકાર, તેમની કક્ષાઓ, તેમની ગુણવત્તાઓનો તફાવત સમજતા શીખવું પડશે. સ્વપ્નાં સમજીને આપણને માર્ગદર્શન પણ મળે છે અર્થાત્ ભૌતિક મનની પોતાની યાંત્રિક-પ્રવૃત્તિએ રચેલાં સ્વપ્નાંઓમાં કોઈ તથ્ય હોતું નથી. ઘણી વખત કોષો બાહ્ય-ઈન્દ્રિયોની છાપોને પોતેપોતાની રીતે સ્વપ્ન દ્વારા પ્રગટ કરે છે જે મહત્ત્વનાં નથી તેમ જ સ્વાસ્થ્ય, પાચનક્રિયા, પથારી, વાતાવરણમાંથી થતા વિક્ષેપો વગેરે પણ સ્વપ્નાંઓ રચે છે જે નિરર્થક હોય છે. તેમના ભૌતિક કારણોનું નિરાકરણ થતાં જ તેવાં સ્વપ્નો બંધ પડી જાય છે.

કેટલાંક સ્વપ્નો સંસ્મરણોનાં ચિત્રવિચિત્ર મિશ્રણમાંથી રચાય છે. આવા સ્વપ્નાંઓ પણ અર્થહીન હોય છે. આપણું મનોમય સ્વરૂપ હજી સુવ્યવસ્થિત નથી અને વિવેકશક્તિ નબળી પડતાં જ તેમાં અવ્યવસ્થા રચાય છે. એના આ દાખલાઓ હોય છે.

હવે મહત્ત્વનાં સ્વપ્નાંઓની વાત કરીએ. આપણામાંની વૃત્તિઓ, રસો, આવેગો, કામનાઓના દર્શન કરાવે છે જે આપણા આદર્શોને કારણે દબાઈ ગયાં છે અને અંધારિયા અવચેતનમાં જઈને છૂપાઈ ગયા છે, તેમને બહાર કાઢી નાખવાની જરૂર છે.

સ્વપ્નાંઓ આપણા આદર્શોને પ્રાપ્ત કરવામાં સહાયક પણ નીવડે છે. તેમને ખીલવવાનાં હોય છે. અવચેતનમાં પણ જ્ઞાન ધરબાએલું છે એ યાદ રાખવું. જે વ્યક્તિ ઊંઘ દરમિયાન પોતાની સ્વપ્નમાંની પ્રવૃત્તિઓને જાણતી નથી તે પોતાની જાતની સ્વામી બની શકતી નથી.

ઘણી વખત આપણા અણઉકેલ્યા પ્રશ્નોના વ્યવસ્થિત જવાબ તમને બીજે દિવસે સવારે તૈયાર મળે છે, કારણ ઊંઘ દરમિયાન અવચેતન તેના જવાબ આપે છે.

સ્વપ્નાંઓના અભ્યાસથી આપણે આપણાથી અજાણ એવી મનોમય વૃત્તિઓ વિષે જાણકારી મેળવી શકીએ છીએ. આ વસ્તુના અભ્યાસથી એક વસ્તુ તો આપણા ધ્યાનમાં આવે જ છે કે કોઈ વસ્તુ બાબત આપણી સભાન વિગતો અને અવચેતને સ્વપ્નામાં આપેલી વિગતોમાં ઘણો મોટો તફાવત

જણાય છે. તેનું કારણ એ છે કે સ્થૂળ મગજ સુધી આવેલાં અને નોંધેલાં સંવેદનો બાબત જ આપણે જાગૃત-અવસ્થામાં સભાન બનીએ છીએ પરંતુ ઊંઘમાં શાંતિને કારણે મગજ ઇન્દ્રિયાતીત ક્ષેત્રમાંનાં આંદોલનો પણ સ્વીકારે છે અને તેથી એક જ વસ્તુની જાગૃત-અવસ્થામાંની અને ઊંઘ દરમિયાનની છાપમાં તફાવત પડે છે. ભૌતિક- ઇન્દ્રિયોની તમોગ્રસ્તતા તેમને બધાં જ આંદોલનો સ્વીકારવામાં અક્ષમ- કરી નાખે છે. નિદ્રા દરમિયાનની આંતર-ઇન્દ્રિયોમાં તેવી તમોગ્રસ્તતા હોતી નથી, એ જ આ તફાવતનું મુખ્ય કારણ છે. તેને કારણે સમજણની કક્ષામાં પણ તફાવત પડે છે.

એક લેખકનો તાજેતરમાં જ દાખલો લો. તેણે તે દિવસે એક પ્રકરણ લખ્યું, પણ સાંજે તેને તેમાં સંતોષ ન જણાયો. તે રાત્રે ઊંઘી ગયો. તેની તીવ્ર જિજ્ઞાસાને કારણે તેના અવચેતનને તે પ્રકરણના બધાં મુદ્દાઓ તર્કબદ્ધ રીતે ગોઠવીને તેને રાત્રે આપ્યાં. બીજે દિવસે લેખકે તે મુજબ લખતા તેને તે નવું લખાણ વધુ ગુણવત્તાવાળું જણાયું.

પણ દરેક વ્યક્તિની પ્રતીકો વાપરવાની ટેવ ભિન્ન હોય છે. તેની કાળજી લેવી જરૂરી છે. ઉપરનો લેખક સ્વપ્નાંમાં ફકરાઓના પ્રતીક તરીકે ખુરસીઓને વાપરતો અને સપનામાં જોતો કે તે ખુરસીઓની ગોઠવણમાં હેરફેર કરી રહ્યો છે. ઘણી વખત આવા પ્રતીકો ખૂબ જ સંદિગ્ધ હોય છે. દાત. કોઈ વ્યક્તિ બાબત તમારામાં દુર્ભાવ નિર્માણ થાય તો તમે સ્વપ્નામાં તેને મારતા જુવો છો, તેથી સ્વપ્નાંઓનું અર્થઘટન કરતી વખતે ખૂબ કાળજી લેવાની જરૂર છે.

તાલીમ પામેલા લોકો તો સ્વપ્ન જાણીને તેના અર્થઘટનમાં સ્વપ્નમાં જ વપરાતી આંતર-ઇન્દ્રિયોની મદદ લેવા સક્ષમ બને છે. તેમના અર્થઘટનો ઘણાં સાચાં હોય છે.

આમ, દરેકે પોતે જ પોતાના અવચેતનનો વણખેડ્યો પ્રદેશ ખેડીને પાક લણવાનો છે. પણ તે પહેલા ત્યાંનું નિંદામણ, ઝાડીઝાંખરાનો નાશ કરવો પડે છે.

આ પ્રવૃત્તિ તમારી ગાઢ નિદ્રાને જરા પણ ધક્કો લગાડતી નથી, પણ

તેથી ફાયદો થાય છે. ઘણાં સવારે ઊઠતી વખતે થાકેલાં-હારેલાં જણાય છે. તેમને પોતાની શક્તિઓનો વિનાશ રોકતા આવડે છે. અવચેતનની વિનાશકારી પ્રવૃત્તિઓથી આપણે બચી જઈએ છીએ. આ ઉપરાંત, દિવ્ય-જ્યોતિ સાથે તે ક્યારેક સંબંધ બાંધી આપે છે. તે વખતે આપણે પ્રસન્નચિત સભાનતામાં પોતાને લાવી શકીએ છીએ. આવો વ્યાયામ તમારે રોજ કરવો પડશે. સ્વપ્નાં ભૂલાઈ જવાનું કારણ તમે ઊંઘમાંથી જાગૃત-અવસ્થામાં ઝડપથી ઘસી આવો એ છે. તેથી જાગૃત અવસ્થામાંનાં સંવેદનો ઘસી આવી તમારા મનઃપટલ ઉપરની સ્વપ્નની છાપો ઉપર ઊંડી છાપ પાડી તેમને દબાવી દે છે. તમે એકાગ્રતા ધારણ કરી રાખેલી હોય તો આવી છાપો ન પડવા દેતા સ્વપ્નની છાપોને સ્મૃતિમાં લાવી શકો છો.

સ્વપ્ના આપણી ચેતના જુએ છે. ચેતનાને સ્મૃતિ હોય છે, તેથી ઊંઘમાં જો તમે સભાન રહેવાનો પ્રયત્ન કરશો તો તે સ્મૃતિના અમુક અંશો તમારી જાગૃત અવસ્થામાં ટકી રહેશે અને તમને તેને બહાર ખેંચી કાઢવામાં મદદરૂપ બનશે. આમ, તમે સ્વપ્ન દરમિયાનની ચેતનાની સ્મૃતિને વધુ જાગૃત સભાન રહેવાની ટેવ પાડી શકશો, તેથી સ્વપ્નાંઓમાં તર્કસંગતતા ગોઠવાશે; તમને તેથી યાદ કરવા સહેલા થશે. આ જ શક્તિને પછી તમે સૂક્ષ્મદર્શન-શક્તિ અને ભવિષ્યદર્શન-શક્તિમાં વિકસાવી શકશો. ઊંઘને આ રીતે ઉપયોગી બનાવાય છે.

---

(અનુ.પૃ.૫ ઉપરથી) **પ્રાર્થનાઓ અને ધ્યાન**

**દરેક વિભાગ પોતાની સર્વાંગી સંવાદિતા રચતો હોય ત્યારે બધાં જ વિભાગોની સંવાદિતા પણ રચવામાં આવે છે.**

**એક દિવસ આવશે જ્યારે વિભાગીય અને સમષ્ટિની સંવાદિતા રચાઈને પૂર્ણ થઈ હશે અને આમ આખો ચેતનાનો પ્રદેશ જીવન દ્વારા સંવાદી રીતે પ્રગટ થવા માંડશે. ત્યારે જ પ્રભુના મૂળ સંકલ્પનું પ્રભુના શબ્દનું તે વહન કરતો થશે. તેને અનુરૂપ બનશે. તેના આવિર્ભાવનું માધ્યમ બની રહેશે.**

# સાવિત્રી
- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## સિદ્ધયોગીની ભૂમિકા

પ્રકરણ-૨૦

(Savitri B-1, C-4, P-57-58)

Impervious to desire and doom and hope.
Their station of inviolable might
Moveless upholds the world's enormous task.
Its ignorance is by their knowledge lit.
Its yearning lasts by their indifference.
As the height draws the low ever to climb.
As the breadths draw the small to adventure vast.
Their aloofness drives man to surpass himself.

આ સિદ્ધ પુરુષો અજેય શક્તિસ્વરૂપ પ્રજ્ઞામાં સ્થિર થયેલા હોય છે (inviolable might) તેથી વ્યક્તિગત આકાંક્ષાઓ, (desire) આશાઓ (hopes) અને કારમા પરાજયરૂપ મૃત્યુ (doom) અથવા દુઃખદર્દભર્યાં પ્રસંગોના પ્રભાવ નીચે જરા પણ પોતાની બ્રહ્મચેતનાની સ્થિતિને આવવા દેતા નથી, સતત પ્રભુ સાથેની એકરૂપતાને અતૂટ રાખે છે, પોતે તેથી જરા પણ વિચલિત ન થતા (Moveless) વિશ્વમાં પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયા સ્વરૂપ જે ચેતનાની વિશાળ-ઉત્ક્રાંતિ ચાલી રહી છે તેના કાર્યને જ (enormous task) જીવનમાં મહત્ત્વ આપી (upholds) જીવન જીવતાં હોય છે. લોકોમાં તે બાબત જે અજ્ઞાન છે અથવા ગેરસમજો છે (ignorance) તેને પોતાના સ્વાનુભવ સિદ્ધ

જ્ઞાનથી હઠાવવાનો પ્રયત્ન કરી સાચી સમજણ કેળવે તેનો પ્રયત્ન કરે છે. આ બાબતમાં પોતાની જે ધગશ હોય છે (yearning) તેમાં સામાન્ય લોકો જેવી આતુરતા, વ્યામોહ કે આશા-નિરાશા હોતાં નથી, પણ હોય છે એક પ્રશાંતિની સમતા (indifference) અને તેથી તેમના પ્રયત્નોનું સાતત્ય સદા ટકી રહે છે. (lasts) તેમનાં પ્રયત્નમાં જેમ જેમ તેઓ વધારે ને વધારે ઉત્તુંગ અને ઊર્ધ્વ-ચેતનામાં આરોહણ કરે છે (height draws) તેમ તેમ તેમની નિમ્ન અવચેતન અને અચેતનની પ્રકૃતિને પણ ઊર્ધ્વગામી કરી ઉપર ખેંચવાનો પ્રયત્ન કરે છે (low ever to climb) જેમ જેમ તેમની ચેતના વિશાળથી વિશાળતર બનતી જાય છે તેમ તેમ (breadths draw) મલિન પ્રકૃતિનાં સંકુચિત અને શુદ્ર તત્ત્વોનો પણ તે વિશાળતામાં સમાવેશ કરી તેમને વિશાળ કરવાનું સાહસ ખેડે છે (adventure vast) તેમની નિર્લેપતા જ તેમના પ્રભાવક્ષેત્રમાં આવતા શિષ્યોને, લોકોને (Their aloofness drives) પોતાના નિમ્ન અને સંકુચિત અહંકારમાંથી ઉપર ઉઠવાની પ્રેરણા આપી સાચી આધ્યાત્મિકતામાં પ્રવેશ અપાવે છે. (surpass himself)

Our passion heaves to wed the eternal calm,
Our dwarf-search mind to meet the Omniscient's force.

આવા સૂક્ષ્મ પણ સ્થાયી પ્રભાવને કારણે આપણી અભીપ્સાઓ સતેજ બની શાશ્વત શાંતિને પ્રાપ્ત કરવા (to wed the eternal calm) ઝંખે છે (heaves) આપણું ભૌતિક મન જે ક્ષૂદ્ર શારીરિક સુખને જ સદા શોધતું ફરે છે (dwarf-search mind) તેને સર્વજ્ઞ-ચેતનાની સદા-વિજયી શક્તિનો પરિચય થવા માંડે છે. (meet the Omniscient's force)

Acquiescing in the wisdom that made hell
And the harsh utility of death and tears.
Acquiescing in the gradual steps of Time,
Careless they seem of the grief that stings the world's heart.
Careless of the pain that rends its body and life;

Above joy and sorrow is that grandeur's walk:
They have no portion in the good that dies.
Mute, pure, they share not in the evil done;
Else might their strength be marred and could not save.

લોકો જે ભૌતિકજગતનું જ્ઞાન મેળવીને ભૌતિક સુખસુવિધામાં જ રચ્યાંપચ્યાં રહેવું એ જ જીવન ધ્યેય સમજી બેઠાં છે અને તેથી ગેરસમજનું ક્ષુદ્ર જીવનરૂપી નરક નિર્માણ કરી રહ્યાં છે, તેને કારણે દુઃખદ ઉપયોગિતાવાદના વાયરાએ (harsh utility) જીવનમાં મરણતુલ્ય હતાશા (death) અને અશ્રુરૂપી યાતનાઓ (tears) નિર્માણ કર્યાં છે, કારણ લોકોને તેમની અપેક્ષા મુજબનું તો લાંબેગાળે ભવિષ્યમાં થોડુંક માંડ માંડ મળતું હોય છે (gradual steps of Time) પણ આ સિદ્ધયોગીઓ આ બધું જોતાં સમજતાં હોવા છતાં આ હાલના વિકાસના તબક્કાનાં જ ક્ષણિક દુષ્પરિણામો છે એમ વિવેકથી સમજી, તેઓ વિશ્વમાંનાં માનવહૃદયોને ગળાફાંસો આપતી વિપત્તિઓને (stings the world's heart) સમતાથી ઝીલી જીવે છે. (Careless) તેનાં દુષ્પરિણામો પોતાનાં શરીર અને જીવન ઉપર પણ યાતના અને દુઃખરૂપે પડી જ રહ્યાં છે (rends) એ જોતા અને અનુભવતા હોવા છતાં સમતા ધારણ કરી રાખે છે (Careless) અને સુખદુઃખોથી ઉપર ઊઠી પેલા અદ્ભુત અને ભવ્ય બ્રહ્મચેતનામાં જ પોતાની ચેતનાને સ્થિર રાખે છે અને તેમાં જ જીવન પસાર કરે છે (grandeur's walk) ચેતનાના વિકાસનાં આ દેવાસુર સંગ્રામમાં જે સારું છે, વિકાસને ઉપયોગી છે, તેના દેખાતા નાશમાં પણ તેઓ સહભાગી હોતા નથી તેમ જ તેમાં જે માઠાં પરિણામો વધતાં દેખાય છે તેને પણ પ્રશાંતિના મૌનમાં રહી (Mute) અને વિશુદ્ધ બ્રહ્મચેતનામાં સ્થિર રહી (pure) તેમાં પણ સહભાગી થતાં નથી, કારણ તેઓનો ભાવ એ જ હોય છે કે પોતે કોઈ કાર્ય કરતા નથી. પોતાની દ્વારા પ્રભુ જ બધું કરી રહ્યા છે અને પોતે તો તેમના કાર્યનું એક સાધન, નિમિત્તમાત્ર છે. પોતે કર્તા નથી પણ કરણ જ છે. આ રીતે નિર્લેપ અને પ્રભુને સમર્પિત ન રહે તો તેમની દિવ્ય-ક્ષમતાઓને ગ્રહણ લાગી જાય (marred) અથવા તેમનો પૂરેપૂરો નાશ થઈ જાય (could not save) એ તેઓ નિઃસંદિગ્ધ રીતે જાણે છે.

Alive to the truth that dwells in God's extremes.

Awake to a motion of all-seeing Force,

The slow venture of the long ambiguous years

And the unexpected good from woeful deeds,

The immortal sees not as we vainly see.

આ સિદ્ધપુરુષો પ્રભુએ ચેતનાની વિકાસની પ્રક્રિયામાં નિર્માણ કરેલા અતિરેકી છેડાઓમાં (God's extremes) પણ રહેલ (dwells) સત્યનાં અંશોને જીવી જાણે છે (truth) તેઓ બધી જ ઘટનાઓ પાછળ રહેલ સર્વજ્ઞ એવી પ્રજ્ઞા-શક્તિની (all-seeing Force) બધી જ ગતિવિધિઓ (motion) બાબત સજાગ હોય છે (Awake) ધીમે ધીમે પસાર થતાં (long years) ખૂબ જ અટપટા (ambiguous) એવા વર્ષોના ખૂબ જ ધીમી ચાલે પણ સુદૃઢ રીતે કરાતા સાહસને (slow venture) આ અમૃતનાં પુત્રો (immortal) જાણે છે તેમ જ ખૂબ જ યાતનામય (woeful) કાર્યોનાં પણ અનપેક્ષિત રીતે આવતા સારાં પરિણામોને પણ તેઓ જાણે છે. આપણે આ બધી ઘટનાઓના બાહ્ય આભાસી સ્વરૂપોને જ (vainly) જોતા હોઈએ છીએ. તેમના આંતરિક સત્યો બાબત તદ્દન અજાણ જ હોઈએ છીએ.

---

(અનુ.પૃ.૧૦ ઉપરથી)

## દિવ્ય-જીવન

બળ આવિર્ભાવ પામ્યું હોય છે. શક્તિ એ નિષ્ક્રિય બળ છે. બળ એ સક્રિય શક્તિ છે. શક્તિની નિષ્ક્રિય અવસ્થાને શક્તિ કહેવાય છે અને સક્રિય અવસ્થાને બળ Power and force આ બે શબ્દો તેમને માટે અનુક્રમે વપરાય છે. શક્તિ એટલે Power અને બળ એટલે force આવા સંકલ્પનાં બળ સાથેની ચેતનાને વેદાંત કહે છે **'સબલ બ્રહ્મ'.**

આ રીતે અચલ બ્રહ્મ સાક્ષી ભાવે બંનેને ધારણ કરે છે. સબલબ્રહ્મને અને ભૌતિક તત્ત્વોને પણ. આખી ચેતનાના ભૌતિક તત્ત્વ મારફત થનારી આવિર્ભાવની પ્રક્રિયાનો તે આધાર બની રહે છે. (ક્રમશઃ)

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

# અતિમનસ અને અધિમનસ

(ભા.-૧, પૃ.૨૬૮-૨૭૩)

પ્રકરણ - ૪

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧. **અતિમનસ અવિભક્ત જ્ઞાન છે. પૃ.૨૬૮**
૨. **પરમ-તત્ત્વની એક ક્રિયાત્મક-અનુભૂતિ પણ છે. પૃ.૨૬૮**
૩. **જગતનું પૂર્ણ ક્રિયાત્મક-સત્ય અતિમનસ સિવાય બીજી કોઈપણ પ્રક્રિયાની ચેતનાથી પકડી શકાય તેમ નથી. પૃ.૨૬૮**
૪. **પરમામાનો અંગત સાક્ષાત્કાર કેટલીક વખત સાકાર પણ હોઈ શકે. પૃ.૨૬૯**
૫. **હું પરાવૈશ્વિક વાસ્તવિકતા એટલે પરમ-સચ્ચિદાનંદ એમ કહેવા માંગું છું. પૃ.૨૭૦**
૬. **હું અતિમનસ એટલે ઋત્-ચેતના કહું છું. પૃ.૨૭૦**
૭. **અધિમનસ અતિમનસનું એક પ્રતિનિધિ છે. પૃ.૨૭૧**
૮. **જો વિષ્ણુનું અથવા કૃષ્ણનું જગત છે (વૈકુંઠ, ગોલોક) તો સ્વાભાવિક રીતે જ તેનું સ્થાન..... આપણે અધિમનસની ભૂમિકામાં શોધવા પડે. પૃ.૨૭૩**

અતિમનસ શક્તિનું સ્વરૂપ તદ્દન જુદું જ છે. ચેતનાનાં વિવિધ એકથી એક ઊર્ધ્વ શિખરો છે. દરેક શિખરથી સહુથી ઊર્ધ્વમાં રહેલ સત્-ચિત્ આનંદનું શિખર જુદાં જ સત્ય તરીકે જણાય છે અને તેમાંથી મળેલી પ્રેરણાઓનું સ્વરૂપ પણ જુદાં જ પ્રકારનું લાગે છે અને તેથી તેમાંથી રચાતી ક્રિયા અને કાર્યો પણ

જુદાં જ પ્રકારનાં લાગે છે દા.ત. અધિમનસની ચેતનાના શિખર ઉપરથી જ્ઞાન એકતામાંથી વિભાજન કરતું લાગે છે અને વિભાજનને મૂળ હકીકત ગણાવે છે. જ્યારે અતિમનસના શિખરેથી જ્ઞાન અવિભક્ત જ લાગે છે, ત્યાં એકતાને મૂળ હકીકત ગણવામાં આવે છે. આને કારણે બન્નેની જ્ઞાનાર્જન-પ્રક્રિયામાં જ તફાવત પડી જાય છે.

આ તફાવત પડવાનું કારણ એ હોય છે કે જ્ઞાન સાથે ક્રિયાત્મક પ્રત્યક્ષ અનુભૂતિ પણ તે જ્ઞાનને સમગ્ર રીતે સમજવા, જ્ઞાનને અનુભવસિદ્ધ જ્ઞાનમાં રૂપાંતરિત કરવા જરૂરી હોય છે. આ ક્રિયાત્મક-અનુભૂતિમાં તફાવત પડતા જ વિજ્ઞાનમાં, અનુભવસિદ્ધ જ્ઞાનમાં અલગ-અલગ ભાત રચાય છે. સત્-ચિત્-આનંદનું જ્ઞાન તો બધી જ ભૂમિકાઓ ઉપરથી સરખું જ મળતું હોવા છતાં તેનો જીવનમાં કેવી રીતે ઉપયોગ કરવો તેમાં તફાવત પડતો જાય છે.

ઉપનિષદોમાં આ તફાવત સમજાવતા એક દૃષ્ટાંત આવે છે. બ્રહ્મદેવે દેવો, દાનવો અને માનવોને સરખો જ ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું જીવનમાં 'દ' લાવો. દેવોને 'દ' એટલે દમ (ઈન્દ્રિયનિગ્રહ) લાગ્યો. દાનવોને 'દ' એટલે 'દાન' લાગ્યું, માનવોને 'દ' એટલે 'દયા' લાગી. ત્રણેનાં જીવનમાં જુદી-જુદી ક્રિયાઓ અને પ્રયત્નો થયાં. બસ, આવું જ વિવિધ અર્થઘટન સત્-ચિત્-આનંદના જ્ઞાન બાબતમાં થાય છે. ફક્ત અતિમનસ કક્ષાએ જ તે સહુથી વધારે સાચું અને વાસ્તવિક રહે છે. અર્થઘટન કરીને યોગ્ય ઉપયોગ આ બન્નેમાં સુસંવાદ રચાય છે. સારાંશ, સત્-ચિત્-આનંદનાં નિષ્ક્રિય અને સક્રિય પાસાંના જ્ઞાનમાં પૂર્ણ સંવાદ અને એકતા રચાય છે. આવી પૂર્ણ સુસંવાદી સ્થિતિ જ સાચું અને પૂર્ણરૂપાંતર જગતનું કરી શકશે. અહીં રૂપાંતર એટલે જગતમાંના જીવનને એવું શુદ્ધ અને દિવ્ય બનાવવું કે તે જીવનપ્રવાહમાં સત્-ચિત્-આનંદનો સાચો, પૂર્ણ અને કાયમી આવિર્ભાવ શક્ય બનાવી શકે.

આવા આવિર્ભાવો પણ સરખા જ હોતા નથી. પરમાત્મા સાકાર, નિરાકાર, સક્રિય, નિષ્ક્રિય, વૈયક્તિક, નિર્વૈયક્તિક આવા વિવિધરૂપે જીવનમાં પ્રગટ થઈ શકે છે તેના નીચેના દાખલા છે :

૧. રૂપધારી દિવ્યહાજરી તરીકે હૃદયમાં દેખાવા.

૨ આવાં જ રૂપો ભ્રૂમધ્યમાં કે મસ્તકની ઉપર કે બહાર પણ દેખાય.

૩ ઊર્ધ્વમાંથી મળતા માર્ગદર્શન તરીકેનો અનુભવ.

આ પ્રકારની અનુભૂતિઓનો ફાયદો એ છે કે તેથી જીવનમાં માર્ગદર્શન મળે છે. આંતરદર્શન થાય છે અને તેથી પ્રભુની દિવ્ય-હાજરી ખૂબ જ સઘન, વાસ્તવિક અને શંકાથી પર લાગે છે. ગેરફાયદો એ છે કે આવી ભ્રામક અનુભૂતિઓ રચવાની ક્ષમતા અદિવ્યશક્તિઓમાં પણ હોય છે અને તેઓ દિવ્ય-અનુભૂતિઓના ઓઠા નીચે વ્યક્તિને ભરમાવી પોતાના હાથા કરી નાખે છે. દા.ત. હિટલર સામે શેતાન દિવ્ય દેવદૂત તરીકે પ્રગટ થતો હતો. પણ આ માટે સાધકમાં જ મિથ્યા ગર્વ, તૃષ્ણા, કામનાના દોષો પ્રથમથી જ હોય છે. તે જ આસુરી-શક્તિઓનું પ્રવેશદ્વાર બની જાય છે. આનું નિવારણ એટલે ચૈતસિક-પ્રકાશને બોલાવીને પોતાને સંરક્ષણ આપવામાં જ રહેલ છે. ઘણા સાધકોનો ખોટો ખ્યાલ છે કે અતિમનસ-ચેતના વિશ્વાતીત-ચેતના છે. અતિમનસ-ચેતના જો વિશ્વાતીત-ચેતના હોય તો તેનું વિશ્વમાં અવતરણ શક્ય ન બને અને તેથી અતિમનસ-જગતની ભૌતિકસ્તરે રચના કરવી પણ અશક્ય બની રહે. સત્-ચિત્-આનંદ એ પરાત્પર પ્રભુ જ વિશ્વાતીત છે તે બધા આવિર્ભાવોથી પર છે પણ તેમાંથી વિવિધ જગતોનાં આવિર્ભાવ થતાં હોય છે.

અતિમનસ ચેતના એ ઋત-ચેતના છે. તે વિશ્વાતીત-ચેતના અને વિશ્વચેતનાને જોડનારી ચેતના છે. તે એક બાજુ બધા આવિર્ભાવોથી પર છે તો બીજી બાજુ બધા આવિર્ભાવોમાં બીજસ્વરૂપે ઋતમ્ તરીકે રહેલી છે. 'ઋતમ્' (બીજ અવસ્થા) વિશ્વાતીત-ચેતનામાં પણ છે અને વિશ્વમય-ચેતનામાં પણ. ઋતમ્‌ના સંદર્ભમાં જ કહ્યું છે કે 'સર્વખલું ઈદં બ્રહ્મ' અથવા 'વાસુદેવમિતિ'. બ્રહ્મ જ બધાંનું ઋતમસ્વરૂપે સારતત્ત્વ છે. તેને જ 'તત્' કહેવાય છે. તે આત્માના પ્રકાશસ્વરૂપે હોય છે આ આત્માનો પ્રકાશ એ જ અતિમનસ પ્રકાશ છે. તે પ્રકાશમાં આવિર્ભાવ કરવાની શક્તિ હોવાથી તેને જ અતિમનસ-શક્તિ કહે છે. તેના ઉપર અજ્ઞાનનો પરિણામ થતો નથી. કારણ તે પ્રકાશમય છે.

આત્માની સભાનતા સ્વરૂપ જ છે. તે જ્ઞાનસ્વરૂપા છે તેથી તે જગતમાં અવિરોધ્ય, અજેય, શક્તિ બની જાય છે. આપણા મન, પ્રાણ, શરીર હજી અજ્ઞાનગ્રસ્ત છે. તેથી તેનાથી તો પર છે એમ આપણે કહીએ છીએ. અતિમનસ શબ્દનો આ અર્થ છે.

અધિમનસ એ અતિમનસ કરતાં નિમ્નકક્ષાની ચેતના છે. તે અતિમનસનાં લગોલગ નીચેની બાજુએ આવેલી છે પણ તે અજ્ઞાનનો સમૂળો નાશ કરી શકતું નથી. આજનું જગત એ તેણે રચેલું છે, તેથી અચિત્‌નો હજી આ જગત ઉપર પ્રભાવ પડેલો છે. અચિત્‌ના કારણે ચેતના ક્રમશઃ ધીમે ધીમે ભૌતિક સ્તરે ઉત્ક્રાંત થઈ રહી છે. પ્રભુનું તેવું આયોજન હોવાથી અતિમનસનો સીધેસીધો પ્રભાવ હજી સુધી પડવા દીધેલો નહોતો. હવે તેનો પ્રભાવ પડવાની શરૂઆત થયેલી છે.

સત્‌-ચિત્‌-આનંદ અને મહસ અથવા બૃહત્‌ (અતિમનસ) એ બ્રહ્માંડના દિવ્ય ઊર્ધ્વ-ગોલાર્ધ છે અને મન, પ્રાણ અને પાર્થિવ તત્ત્વનો બનેલો નિમ્ન-ગોલાર્ધ તે અચિત્‌ના પ્રભાવ નીચે છે. અધિમનસને પ્રકાશ તો અતિમનસમાંથી જ મળે છે. પણ અધિમનસ તેને વિભાજિત કરી નાંખે છે. આવી રીતે સત્‌-ચિત્‌-આનંદ અતિમનસની સુવર્ણમય પ્રકાશથી ઢંકાયેલું છે (હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્‌ (ઈશ) અથવા ઋતેન ઋતમ્‌ અપિહિતમ્‌-વેદ) અધિમનસની વિભાજન કરવાની ટેવને લીધે જ વિવિધ ધર્મો અને સંપ્રદાયો રચાયાં છે. વિવિધ દર્શનો રચાયાં છે. તેમાંથી વિવિધ દેવતા અને તેમનાં વિવિધ લોકો ગણાયાં છે. પણ અધિમનસની કક્ષા સુધી વિવિધતા કે વિભાજન વચ્ચે પણ એકતા જળવાઈ જાય છે. જે નીચેની બાજુએ જળવાતી નથી. નીચે અચિત્‌નો પ્રભાવ વધીને ખરેખર વિભાજન પૂર્ણ અને સાચું બનવા માંડે છે.

વૈકુંઠ, ગોલોક માનવ-ચેતનાના ઉપરનાં અને અધિમનસનાં નીચેના અંતરિયાળ પ્રદેશની ભૂમિકાઓ છે. વૈકુંઠ એટલે જ્યાં માનવચેતના મુક્ત રીતે કુંઠિત થયા વગર વિકાસ પામે છે તેવો ચેતનાનો સ્તર/ ગોલોક એટલે પ્રકાશમય ચેતનાનો પ્રદેશ. આવી રીતે અધિમનસ અતિમનસની સમાન કક્ષાની ચેતના નથી.

# શ્રી અરવિન્દ : પોતા વિષે

- શ્રી અરવિન્દ

# ભૂતકાલીન અને ભવિષ્યકાલીન આધ્યાત્મિક વિકાસ

પ્રકરણ - ૨૬

(પૃ.૧૨૫)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 I regard the spiritual history of mankind and especially of India as a constant development of a divine purpose. P. 125

2 The Upanishads and the Gita were not final though everything may be there in seed. P. 125

3 The recent spiritual history of India is very important stage and the names I mentioned (Ramkrishna, Vivekanand) they seemed to me to indicate the lines from which the future spiritual development had most directly to proceed. P. 125

4 It is far from my purpose to propagate any religion, new or old, for humanity in the future. A way to be opened... not a religion to be founded, is my conception of the matter. P. 125

શ્રી અરવિન્દ જણાવે છે કે માનવવંશના આધ્યાત્મિક વિકાસનો ઈતિહાસ ખાસ કરીને ભારતનો, એ સતત વિકાસ પામતો, આગળ જતો વિકાસ છે તેમાંથી ધીમે ધીમે જગત અને જીવનનો મૂળ દિવ્ય-હેતુ વધુ ને વધુ સ્પષ્ટ થતો જઈ રહ્યો છે. જૂનામાંથી પ્રેરણા લઈ વધુ નવો વિકાસ કરવો એવું પુનરાવર્તન સતત જણાય છે. પ્રાચીન ઉપનિષદો અને ગીતામાં ભવિષ્યના વિકાસનાં બીજો જરૂર રહેલાં છે પણ તેમને હવે વિકસાવી તેનાં પૂર્ણ આયામોમાં સમજવાનાં છે.

નવો આધ્યાત્મિક વિકાસ જે દિશા અને ગતિ પકડી રહ્યો છે તેને વળાંક આપવામાં શ્રી અરવિન્દનાં મતે ઠાકુર શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદ વગેરે

મહત્ત્વના છે. કારણ તેમનું કાર્ય ભાવિ આધ્યાત્મિક વિકાસની દિશાનું અને સ્વરૂપનું સૂચન કરે છે.

શ્રી રામકૃષ્ણની આંતરપ્રેરણાત્મક મનમાંથી મળતી આધ્યાત્મિક અનુભૂતિઓ અને પ્રત્યક્ષ દિવ્યતા સાથેનો સંપર્ક અને તેમાંથી જ જીવન ઘડવાની સૂચના મેળવવાની ટેવ મહત્ત્વની છે, તો વિવેકાનંદની ભૌતિક સ્તરે તે આધ્યાત્મિક વિકાસનો વિનિયોગ જે તેમણે દરિદ્રનારાયણ શબ્દ દ્વારા વ્યક્ત કર્યો અને તે માટે જરૂરી આધ્યાત્મિક જુસ્સો અને સંઘટનની તાકાત વાપરીએ ભૌતિક-સ્તરના આધ્યાત્મિક કરણ માટે જરૂરી છે.

પ્રાચીન ઉપનિષદોમાં અને ગીતામાં આ બધાંનાં બીજ જોવાં મળશે. પણ તેમની મર્યાદાઓમાં ન બંધાતા આધ્યાત્મિક વિકાસ અને સાહસમાં આગળ વધવું એ મહત્ત્વનું છે. ભારતના અને જગતના આધ્યાત્મિક વિકાસે હજી પૂર્ણતા પ્રાપ્ત કરેલ નથી. તે વિકસનશીલ છે, પણ માનવી-જીવન અને આ જગતનું રહસ્ય તેની દ્વારા આપણે જાણી શકીએ છીએ. શ્રી અરવિન્દ પોતે માનવવંશ માટે કોઈ ધર્મ, ભલે તે નવો હોય કે જૂનો, તેનો પ્રચાર કરવામાં માનતા નથી. આધ્યાત્મિક-વિકાસનો માર્ગ ઔદ્યોગિક ક્રાંતિ, વિકૃતવ્યક્તિસ્વાતંત્ર્ય, અર્થપ્રધાન સમાજવ્યવસ્થા વગેરેથી રૂંધાઈ ગયો છે. તેને ફરી ખોલવાની જરૂર છે. તે માટે જીવનનું સાચું મૂલ્ય લોકોને સમજાવવું પડશે. સાચા અધ્યાત્મની ઓળખાણ સમાજના સમસ્ત સ્તરે લઈ જવી પડશે. તે સમાજના શિક્ષણ અને ઘડતરનો ભાગ બની જશે. બીજું, તે કરતી વખતે કોઈ નવો ધર્મ કે સંપ્રદાય સ્થાપવા તરફ ગતિ પકડવાની નથી. આ વસ્તુ ધ્યાનમાં લઈને જ શ્રી અરવિન્દે પોતે અમુક વિધાનો કરેલાં તેનો બીજો કોઈ અર્થ નથી અને પ્રયોજન પણ નથી.

**Sponsorship**

**Due to the divine blessings of Shri Aurovindo and The Mother, we celebrate the 10th anniversary year of our sponsorship.**

**Ravindra and Tarlika Patel of USA**

# ઉપનિષદો - શ્રી અરવિન્દ

## પ્રભુ

(પૃ.૫૧-૬૦)

પ્રકરણ - ૫

(ગતાંકથી ચાલુ)

બ્રહ્મ પોતે જ અનંત સંબંધો રચી સાકાર થાય છે. આવા સંબંધોને જીવંત કરવા એ જ કર્મનું મુખ્ય અને સાચું કાર્ય છે. તે બ્રહ્મ જ વ્યક્તિગત આત્મા સામે વિવિધ રૂપો અને નામો લઈને અભિવ્યક્ત થાય છે.

આ જે ચેતનાનો વિસ્તાર છે તેનાં બે પાસાં છે. એક અસીમ નિરાકાર સંબંધ વગરનો ચેતોવિસ્તાર, બીજો દિક્કાળમાં આવિર્ભાવ પામતી વસ્તુઓ, વ્યક્તિઓ; જેમનો આપસી સંબંધ કાર્ય-કારણ ભાવનો હોય છે. આ બન્ને પાસાં એકબીજાનાં પૂરક પાસાં છે અને તે પેલા 'સઃ'નાં જ છે.

પ્રથમ નિરાકાર પાસાને વ્યક્ત કરવા ઉપનિષદ શબ્દો વાપરે છે તે છે : શુક્રમ્ (તેજોમય), અકાય (શરીર વગરનું નિરાકાર), અવ્રણમ્ (ન્યૂનતા વગરનું) અસ્નાવિરં (સ્નાયુ વગેરે વગરનું), શુદ્ધમ્ (જે લેપાતું નથી, ન લિપ્યતે તેવું, વિશુદ્ધ), અપાપવિદ્ધંમ્ (પાપથી ન છેદાએલું). સ્નાયુ વગરનું એ સૂચવે છે કે તેમાં કોઈ પ્રાણમય હરકતો નથી.

હવે પ્રશ્ન છે કે આ સક્રિય બ્રહ્મ અને વ્યક્તિગત આત્માનો પેલા નિષ્ક્રિય બ્રહ્મ સાથે કેવા પ્રકારના સંબંધ છે ? ખરેખર સક્રિયતા, નિષ્ક્રિયતાથી બ્રહ્મતત્ત્વમાં કોઈ તફાવત પડતો નથી. બન્ને એક જ છે.

અજ્ઞાનને કારણે ચિત્તમાં જે પ્રતિબિંબ પડે છે તે અધૂરું અને વિસંવાદી હોય છે. અજ્ઞાન મન, પ્રાણ, શરીર અને બ્રહ્મતત્ત્વ વચ્ચે દીવાલ ઊભી કરે છે તે દીવાલ જ અધૂરપ અને વિસંવાદ તરીકે અનુભવાય છે.

સત્-ચિત્-આનંદ આ અજ્ઞાનની અવસ્થાઓને પોતાના જ નિમ્ન ભાગો તરીકે વાપરે છે. તે પોતાના જ જગત તરફ જોવાના પોતાના જ દર્શનને ત્યાં

મર્યાદિત મનમાં વાવે છે. માણસમાંનો ચૈત્યપુરુષ તે દર્શનને સમજે છે પણ બાહ્ય મનને તે પૂરેપૂરું સમજાતું નથી.

પ્રભુ પ્રકૃતિ દ્વારા કાર્ય કરે છે ત્યારે તેઓ પ્રકૃતિ સાથે અથવા તેના કર્મો સાથે પોતાની એકરૂપતા થવા દેતા નથી. તેથી કર્મના ફળ સાથે પણ બંધાતા નથી (ન કર્મ: લિપ્યતે નરૈ:)

પ્રભુ પોતાની એક જ સમયની બેવડી શરતોથી જ કાર્ય કરે છે. તે છે નિષ્ક્રિયતાનો ભાવ અને સક્રિયતાનો ભાવ. અને વ્યક્તિગત આત્મા પણ તે રીતે જ કર્મ કરે એવી અપેક્ષા રાખે છે.

પ્રભુ નિષ્ક્રય રહીને મૂળ સંકલ્પને ધારણ પણ કરી રાખે છે. પ્રભુ સક્રિય બનીને તે મૂળ સંકલ્પનુસાર કાર્ય પણ કરે છે. આ બન્ને વસ્તુ એક જ સમયે થતી હોય છે. પ્રથમ પાસામાં તેની ચેતના પોતા ઉપર જ એકાગ્ર હોય છે બીજા પાસામાં તેમના વ્યક્તિત્વ ઉપર. બ્રહ્મતત્ત્વના આમ બે પાસાં છે. ચેતના અને વિશ્વાતીત વ્યક્ત્વિ. બીજા પાસાથી તે સૃષ્ટિનું સર્જન કરે છે.

અમુક ચિંતકો જગતને પરમાત્માની કલ્પનાસૃષ્ટિ તરીકે વ્યક્તિગત વસ્તુ ગણે છે. તેને 'વિવર્તવાદ' કહે છે. નિરાકાર તત્ત્વ પોતાનાં મૂળ સ્વરૂપથી વિરુદ્ધ રીતે વર્તે છે. (વિ+વર્ત) બીજા ચિંતકો જગતને પ્રભુના કાર્યનો વાસ્તવિક પરિણામ ગણે છે તેને 'પરિણામવાદ' કહે છે. તેમાં ખરેખર ચેતના પોતાને બદલે છે. બન્ને વાદ પોતાને ઉપનિષદોનો આધાર રાખે છે તેમ ગણે છે, પણ બન્ને વાદો એકબીજાના વિરોધી લાગે છે. આ વિરોધી લાગવાનું કારણ એ છે કે આપણે વિષય અર્થાત્ જ્ઞેય અને વિષયી (વસ્તુનો જ્ઞાતા)ને જુદા જુદા ગણીએ છીએ. ઉપનિષદો આ બન્નેને એક જ વસ્તુ ગણતા. બ્રહ્મ પોતે જ જ્ઞાતા અને જ્ઞેય છે. પોતે જ વિષય અને વિષયી છે – બન્ને પાસાં અલગ નથી.

બધી જ વસ્તુઓને ઈશોપનિષદ 'સ્વયંભૂ' કહે છે કારણ દરેક વસ્તુનાં મૂળમાં પ્રભુનો સંકલ્પ છે અને તે સંકલ્પે જ તે વસ્તુના રંગરૂપ, ગુણધર્મો સર્જ્યાં છે. તેથી તે 'સ્વયંભૂ' છે પોતે જ પોતાની રીતે રચાયા છે.

'સંકલ્પ' એ બ્રહ્મતત્ત્વે જ પોતાનું રચેલું સ્વરૂપ છે તે તેની જ કલ્પના છે તેથી સંકલ્પના દૃષ્ટિએ બ્રહ્મતત્ત્વ તેના કવિ છે.

હવે તે સંકલ્પ સાથે જ એકરૂપ થઈને બ્રહ્મ રહેલ છે અને તે સંકલ્પાનુસાર વસ્તુ કે વ્યક્તિની રચના કરે છે. તેથી આ નવા સર્જનની તે 'મનીષી' છે, આયોજક છે.

આવી રીતે અનંત વસ્તુઓ તેણે ચારે તરફ રચી છે. તેથી પરિભૂ છે અને દરેક વસ્તુ તેના પોતાના સંકલ્પનું જ પરિણામ હોવાથી તે 'સ્વયંભૂ તો છે જ. આમ, બ્રહ્મતત્ત્વ પોતે જ કવિ. મનીષી, પરિભૂ અને સ્વયંભૂ ચારે છે.

દરેક વસ્તુના મૂળમાં સનાતન કાળનો તે સંકલ્પ પડેલો છે 'શાશ્વતિભ્યઃ સમાભ્યઃ'

આમ, પ્રભુએ પોતાની કલ્પનાથી જગત રચ્યું તે વિવર્તવાદ પણ ઉપનિષદને માન્ય છે અને તે વસ્તુના સંકલ્પના પરિણામ સ્વરૂપ તે વાસ્તવિક વસ્તુ છે તે પરિણામવાદ પણ માન્ય છે.

આમ, પ્રભુએ બધી જ વ્યવસ્થા બરાબર ગોઠવેલી છે (યાથાતથ્યતો).

મૂળ સંકલ્પ તો સમગ્ર વિશ્વનો છે. તે બૃહત્ છે. આમ, પ્રભુએ જગત રચ્યાં છતાં તે કર્મો તેને બાંધતા નથી.

વસ્તુઓના મૂળમાં રહેલા સંકલ્પોમાંથી જે અનેક શક્તિ-પ્રવાહો વહે છે. તેમના સંઘર્ષ, સમન્વયમાંથી જ જગત આકાર લઈ રહ્યું છે. તેથી તેમાં જ આત્માનું સ્વાતંત્ર્ય રહેલ છે. આ સ્વાતંત્ર્ય વિરાટ પુરુષનું છે, જે વિશ્વાતીત પુરુષ છે, જે જગતની રચના અને વિકાસ માટે કાર્ય કરી રહેલો છે. વિરાટ પોતે બ્રહ્મતત્ત્વના ચેતોવિસ્તારનું જ સ્વરૂપ છે.

આ દર્શન પરામાત્માનું જગત તરફનું છે. માનવ અજ્ઞાનથી શરૂઆત કરીને વિકસતો-વિકસતો અંતે, આ ઉપર જણાવેલા દર્શનનો અધિકારી બની જાય છે. માનવ પોતે મનોમય પ્રાણી છે, મનુ છે. તેથી તેણે પોતાની સાધનાની શરૂઆત મનથી જ કરવી પડે છે.

આમ તે વિવિધતા, વિસંગતતા, મૃત્યુમાંથી શરૂઆત કરીને એકતા અને અમરતાને આવી વરે છે.

તે પોતે જ બ્રહ્મ છે જે પોતાની સ્વસભાનતામાં વિકાસ પામી રહ્યો છે અને તે પણ વાસ્તવિક જગતની વિવિધતામાં રહીને.

તે પોતે જ પ્ર ભુ છે અને તે જ બનવાનું છે.

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

## ઉષાનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૧, પૃ.૧૬૦-૧૬૫)
પ્રકરણ -૧૨

**સમજૂતી** - માનસિંહ ચાવડા

પણ આ અર્થ બધા સૂત્રોમાં બંધબેસતો નથી. કારણ આ છ માસ દિવસ અને છ માસ રાત્રીની ઘટના ભૌગોલિક છે. તે માનવી-વિચારોને કારણે બદલાવવાની શક્યતા નથી. પણ અંગિરસ ઋષિઓ જેઓ શરીરમાં પ્રકાશ (અંગારા) સ્થિર કરવાની સાધનામાં જ રત રહેતા, તેઓના એક સૂક્તમાં નીચેનું સ્પષ્ટ વિધાન જોવા મળે છે. ''અમારા પિતૃઓએ પોતાના વિચારોમાંના સત્ય વડે, ખોવાયેલો પ્રકાશ શોધી કાઢ્યો, તેમણે ઉષાને જન્માવી પિતૃઓએ (પિતયે) પોતાનાં સત્ય ચિંતનના જોરે (સત્યમંત્રા) ખોવાઈ ગયેલા (ગુણ્હં) ઉષાના પ્રકાશને (જ્યોતિઃ) શોધી કાઢ્યો (અન્વવિંદન) અને ઉષાને (ઉષાસમ્) પોતાના સ્વરૂપમાં જન્માવી (અજનયન્) (૭-૭૬-૪)''

સારાંશ, ઉષા એ કોઈ ભૌતિક ઉષા નથી. પ્રસ્કણ્વ ઋષિએ ઋગ્વેદના પ્રથમ મંડલનાં ૪૩માં અશ્વિનીકુમારની સ્તુતિ કરી છે તેમાં નીચેનાં વિધાનો છે -

૧ સમુદ્ર જેમની માતા છે, મનથી આનંદોને પ્રાપ્ત કરનાર અશ્વિનો..... તમે વિચાર દ્વારા તે આનંદના તત્ત્વને શોધી કાઢો.

૨ હે અશ્વિનો ! અમને અંધકારની પેલે પાર લઈ જનાર, પ્રકાશમય આંતરપ્રેરણા આપો.

૩ હે અશ્વિનો, સ્વર્ગની નદીઓને પાર કરવામાં દિવ્ય હલેસાંવાળી નૌકાને તમારા વાહનને જોડો.

૪ તમને આવૃત્ત કરતો જે ઝભ્ભો તમે પહેર્યો છે તેને તમે ક્યાં નાંખી દેશો ?

૫ સૂર્યે પોતાની જિહ્‌વાને હિરણ્ય પ્રત્યે પ્રસારી છે. સ્વર્ગ તરફનો વિશાળ માર્ગ ખુલ્લો થયેલો દેખાય છે.

૬ આપ અમારી માનવતામાં આનંદના સર્જકો તરીકે પધારો.

૭ તમે રાત્રીઓમાંથી ઋતોને જીતી લો છો.

આ બધાં વિધાનોનો આધ્યાત્મિક અર્થ નીચે મુજબનો છે -

૧. અશ્વિનીકુમાર એટલે પ્રાણશક્તિના બે જોડિયા પ્રવાહો - પ્રાણ અને અપાન. તેઓ પરમ-ચેતનાના શક્તિસ્વરૂપ ચિત્-પાસામાંથી નિર્માણ થયેલાં છે. તેથી તેઓ અસીમ ચેતનાસ્વરૂપ સમુદ્રરૂપી માતાના પુત્રો છે. તેઓ મનને સંચાલિત કરે છે. તેથી મનનો ઉપયોગ કરીને જ તેઓ આનંદમયતાને પામી શકવાનાં છે. તેમને આપ શોધી કાઢો.

૨ મન પોતાને શુદ્ધ કરીને પોતાની ક્ષમતાઓ વધારે છે. તે જ્યારે પ્રકાશમય આંતરસૂઝના ઝબકારા અનુભવવા લાગે છે ત્યારે તેને આંતરપ્રેરણાત્મક મન કહે છે. તેથી આપ મનને આ રીતે વિકસિત કરવામાં મદદરૂપ થાઓ.

૩. દિવ્ય-હલેસાં એટલે જ આંતરપ્રેરણાઓ. તેમની મદદથી આંતરપ્રકાશથી પ્રકાશિત ચેતનાના પટ્ટાને, નદીઓને તમે પાર કરો છો, ત્યાં જ અટવાઈ જતાં નથી. તમે શુદ્ધમાનસનાં પ્રદેશમાં - સ્વર્ગની પણ પેલે પાર લઈ જાઓ છો.

૪ તમે બાહ્ય ભૌતિક પ્રશ્વાસ સ્વરૂપ નથી. તે તો આપનું બાહ્ય આવરણ છે. તેની પાછળ આપનું સાચું સ્વરૂપ છે. જે શુદ્ધ પ્રાણમય શક્તિ સ્વરૂપ છે. જે વિચારો, ભાવનાઓ, સંકલ્પોના વિવિધ રૂપો લઈને કાર્ય કરતી હોય છે. અમે તમારા સાચા આંતરિક સ્વરૂપને ઓળખીએ.

૫ ચૈત્યપુરુષ સ્વરૂપ સૂર્ય ધીમે ધીમે આંતર સુવર્ણમય પ્રકાશમાં એકાગ્ર થવા લાગે છે. તે જ તેણે લંબાવેલી જિહ્‌વા છે. તેને કારણે પરમપદરૂપી સ્વર્ગ પ્રત્યે જવાનો સાધનામાર્ગ હવે ખુલવા માંડ્યો છે.

૬ અમારા બાહ્ય માનવ-સ્વરૂપમાં આપે આનંદમય કોષનો વિકાસ કરીને આનંદમય પુરુષને પ્રગટ કરવાનો છે. તે જ આનંદના સર્જકસ્વરૂપ

આપનું કાર્ય છે.

૭ અમારી ભૌતિક જડ તમોગ્રસ્ત ચેતનારૂપી રાત્રીમાંથી તમે અમારા આત્મસ્વરૂપ ઋતમ્‌ને શોધી કાઢી અમને લાવી આપો છો.

આવી રીતે અજ્ઞાનમય અવસ્થામાંથી પ્રબુદ્ધ જ્ઞાનમય અવસ્થા એ જ વૈતરણી નદીનું ઉલ્લંઘન છે, સંતરણ છે. તેથી પરમા-પરાવત્ સ્થાન, શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થાય છે. આમ ઉષા અશ્વિનીકુમારોને પણ મદદરૂપ બને છે. પરમ-ચેતનાનો પ્રકાશ જ્યારે મનના ક્ષિતિજ ઉપર ડોકાવા માંડે છે ત્યારે પ્રથમ દેખાતા આ પ્રકાશને ઉષા કહે છે. આપણી પ્રકૃતિ અવચેતનનાં પ્રભાવ નીચે જડ-અસંવેદનશીલ બની ગયેલી હોય છે. તે સ્થિતિને વેદો રાત્રિ કહે છે. વેદોના દર્શન મુજબ ઉષા અને રાત્રિ બંને સ્થિતિ ચેતનાના વિકાસ માટે જરૂરી છે. તેથી તે જોડિયાં બહેનો છે અને વારાફરતી કાર્ય કરે છે. ઉષા ચેતનાના નવા તબક્કા પ્રત્યે ઉદ્‌ઘાટન કરે છે. રાત્રિ દરમિયાન નવા તબક્કાને પચાવીને મજબૂત કરવામાં આવે છે. બંનેનો હેતુ એક જ છે. તેથી રૂપક વાપરવામાં આવે છે કે બે સગી બહેનો, રૂપરંગમાં ભિન્ન છતાં એક જ પ્રિયતમને ચાહે છે. વળી બંનેમાં પ્રેમીને પ્રેમ કરવા બાબતમાં સંમતિ છે. વારાફરતી તેઓ પ્રિયતમને રીઝવે છે.

શરૂઆતમાં રાત્રીનું પૂરેપૂરું વર્ચસ્વ આપણા મન, પ્રાણ, શરીર ઉપર (આકાશ, અંતરિક્ષ, પૃથ્વી) હોય છે. પછી ધીમે ધીમે ઉષાનો પ્રભાવ વધતો જાય છે. રાત્રીનો ઘટતો જાય છે. અંતે, ઉષાનું રૂપાંતર સૂર્યમાં થઈ સનાતન દિવસ ઊગે છે.

રાત્રિ પણ તદ્દન અંધકારમય તો નથી જ. તેના ગર્ભમાં અગ્નિ હોય છે. તેનો પ્રકાશ હોય છે. તે પ્રકાશ શરૂઆતમાં માનવીની કામનાઓ અને વિકારના ઓઠા નીચે કાર્ય કરે છે અને પેલા દિવ્ય સંકલ્પના કાર્યને જ મદદરૂપ થાય છે.

આ દિવ્ય-ઉષાને અદિતિનું મુખ કહ્યું છે. કારણ ઉષા દ્વારા જ અદિતિ પોતાના કાર્યને નિમ્ન પ્રકૃતિમાં વિસ્તારે છે. પણ ઉષા ચમત્કાર નથી કરતી. તે દરેક માનવીના દિવ્ય-સંકલ્પના આયોજનને જ, ઋત્‌ના નિયમને જ અનુસરે છે. તે ઋત્‌ના આયોજન મુજબના કાલખંડને ઋતુઓને જ અનુસરે છે.

જેમ જેમ ઉષા અને રાત્રિના આવર્તનોના તબક્કા પસાર થતા જાય છે. તેમ

(અનુ.પૃ.૮ ઉપર)

# વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

## સામાજિક સંબંધો કેવી રીતે નિભાવવા ?

પ્રકરણ - ૩૦

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(Lights for students - P. 122)

માનવ એક સામજિક-પ્રાણી છે. તેને સમાજમાં રહીને વિવિધ લોકો સાથે વિવિધ ભૂમિકાઓથી સંબંધ કેળવવા પડે છે અને નિભાવવા પણ પડે છે. આ વાત વધુ સંકુલ ત્યારે થઈ જાય છે જ્યારે,

(૧) લોકોની વિવિધ પ્રકૃતિઓ આ સંબંધ નિભાવવામાં વિચારમાં લેવાની હોય છે.

(૨) તેમજ દરેકની આપણી પાસેથી જે અપેક્ષાઓ હોય છે તેને પણ આપણે સમજવાની હોય છે.

સહુથી મહત્ત્વનો મુદ્દો તો એ છે કે આપણે પોતાની ચેતનાનો વિકાસ કરવા જન્મ્યા છીએ અને તે મૂળભૂત હેતૂને ધ્યાનમાં લઈ આ સંબંધો ઉપયોગી થાય અને અવરોધક ન બને તેની કાળજી લેવી પડે છે.

આ વસ્તુ વધારે અઘરી ત્યારે જ બની જાય છે, જ્યારે લોકો અનેક પ્રકારના આંદોલનો આપણી ઉપર ફેંકતા હોય છે. તેમાંથી આપણી ચેતનાને કેવી રીતે બચાવવી, બીજી બાજુ સાધક તરીકે સમાજ પ્રત્યે પણ આપણું ઉત્તરદાયિત્વ છે જ કારણ સમાજ દ્વારા પણ પ્રભુ પ્રગટ થવા માગે છે.

આધ્યાત્મિક વાસ્તવિકતા તો એ જ છે કે વ્યક્તિ અને સમાજ બન્ને પ્રભુની અભિવ્યક્તિના જ સાધનો માત્ર છે અને બન્નેને પૂરક બનાવીને આપણે જીવન જીવવાનું છે. આમાં સામેની વ્યક્તિ કે સમૂહનો અહંકાર ઘણી વખત અવરોધરૂપ બની જતો હોય છે., કારણ તેને જીવનના આધ્યાત્મિક મૂલ્યની કાંઈ પડી હોતી જ

નથી. દા.ત. ઘણાને પારકી નિંદા કરવામાં જ રસ હોય છે અને તે આપણી પાસે આવી તેવી જ નિમ્ન વાતો શરૂ કરી દે છે. ત્યારે આપણે કુશળતાથી તેને આવી વાતોમાંથી પરાવૃત્ત કરવો પડે છે.

આ લોક વ્યવહારમાં આપણી લોકો પાસેથી અપેક્ષાઓ પણ પોતાનો ભાગ ભજવતી હોય છે. સાચા સાધકે નિરપેક્ષ રહીને જ જગતમાં કામ કરતા શિખવું પડે છે. સામેની વ્યક્તિ તમારી ભૂમિકા ન સમજીને પોતાનો જ આગ્રહ રાખે તો આવે વખતે તે કાર્યને યથાશક્તિ બચાવી પ્રભુના હેતુ માટે ઉપયોગમાં લેવાય એવો શાંતિથી પ્રયત્ન કરવો જોઈએ. તેમાં પોતાના માન-સન્માનની અપેક્ષાને જરા પણ મહત્વ ન આપવું જોઈએ.

સામાજિક સંબંધોમાં થોડાક મતભેદ થતાં જ ઉગ્રતા પકડી લેવાનો અથવા કાયમને માટે મનમાં આંટી રાખવાની ખાસિયત હોય છે. આવી ઉગ્રતા અને મનમાંની આંટી તમને પૂર્વગ્રહથી દૂષિત કરી નાંખે છે. તથા ઉગ્રતાના ક્ષણે મન ઉપરનો કાબુ ખોઈ બેસવાનો પ્રસંગ ઉભો કરે છે. સાધક માટે આ બન્ને વસ્તુ ત્યાજ્ય જ છે. આ બન્ને નૈતિક નબળાઈનાં જ લક્ષણો છે. સાચી બળવાન વ્યક્તિ મન ઉપરનો સંયમ કોઈ વખત ખોતી નથી. પ્રાણીઓમાં આવી ક્ષમતા જન્મજાત હોય છે. સિંહ કારણ વગર ઉશ્કેરાતો નથી અને અસ્વસ્થ પણ થતો નથી.જ્યારે સામેની વ્યકિંત કોઈ નિમ્ન ચેતનામાં રહી તમારી સાથે વ્યવહાર કરે તો તે વખતે પોતાની આંતરિક ચેતનાના પ્રકાશમાં જઈને સ્થિર થવાની ટેવ સારામાં સારી હોય છે.કારણ તેથી તે નિમ્ન-ચેતનાએ નિર્માણ કરેલા આંદોલનોમાંથી તમે બચી જાઓ અને સાથે સાથે સામેની વ્યક્તિ સાથે ખૂબજ વિવેકપૂર્ણ અને સંયમિત વ્યવહાર પણ કરી શકો છો.

ઘણી વખત સામુહિક કાર્યમાં અન્યો પાસેથી કામ લેતા હોઈએ ત્યારે મતભેદો થવાની શક્યતા નિર્માણ થાય છે. ત્યારે સામેવાળાનો દૃષ્ટિકોણનો સમન્વય કેમ કરાય તે વિચારશો તો તે કાર્યમાં નિર્માણ થતો કુસંપ કે વિખવાદ નિવારી શકાય છે. જો આયોજક સહાનુભૂતિભર્યું અને સહકારભર્યું વર્તન રાખશે તો આ બધું પોતાની મેળે થવા લાગે છે કારણ સહકાર્યકરો પણ તેવી જ ભૂમિકા લઈને સુમેળ સાધવા પ્રયત્નશીલ થાય છે.

કોઈ વ્યક્તિ સ્વભાવથી જ સુમેળમાં રહી શકતી ન હોય અને સમગ્ર સમુહને સમસ્યા સર્જતી હોય તો પ્રથમ તેને સમજાવો. સારું વલણ અપનાવવા ભાર મૂકો અને તો પણ ન માને તો તેને એવું કામ સાપો જ્યાં તે અન્યો સાથે વધારે સંપર્કમાં ન રહે.

સમાજમાં સામાજિક - સંબંધોને ટકાવવા શિક્ષાની વ્યવસ્થા સમાજે જ કરેલી હોય છે. આ વ્યવસ્થાનો અંતિમ ઉપાય તરીકે જ ઉપયોગ કરો. જગતમાં કોઈ પૂર્ણ નથી. દરેકમાં કોઈને કોઈ ઉણપ છે જ. તેથી પ્રભુ સિવાય અન્યોને તેની ઉણપ માટે શિક્ષા કરવાનો ખરેખર કોઈ અધિકાર નથી. પણ કુદરતમાં તેની જોગવાઈ છે તે નીચે મુજબની છે.

તમે વિચારો, ભાવનાઓ, સંકલ્પો અને કર્મ દ્વારા જેવા આંદોલનો નિર્માણ કરો છો તે જ સ્તરના તેવા આંદોલનો તરફ તમે પોતે ઉઘાડા પડી જાઓ છો. તેવા જ આંદોલનો તમારામાં પ્રવેશીને પોતાનો પરિણામ દર્શાવે છે. આ ગૂઢ જગતનું સત્ય એ જ કર્મ - સિદ્ધાંતનો મૂળ પાયો છે. માણસે કર્મ - સિદ્ધાંતને સમજવા ગુન્હાને અનુરુપ શિક્ષા આવો વિકૃત માનસિક અર્થ આપેલ છે. તે ખોટો જ છે. તમારામાં જે હોય તેના જેવા જ તત્ત્વોને તમે આકર્ષો છો એ કુદરતી નિયમ છે. આ રીતે દરેકને પોતાની રીતે શિક્ષા કહો તો તે મળતી જ હોય છે. કુદરત અનેકવિધ શક્તિઓની સંતુલનની એક લીલા માત્ર છે અને પ્રભુ પોતે પોતાનું આયોજન પાર પાડવામાં આ લીલાનો જ ઉપયોગ કરતો હોય છે.

તેથી સામાજિક નિયમાનુસાર તમને કોઈ ગુન્હેગાર માટે શિક્ષા જાહેર કરવી પડે તો તે વખતે પોતે તટસ્થતા અને ગુન્હેગાર માટે પણ કરુણા અને સમભાવ તો તમારામાં રહેવો જ જોઈએ. ભૂલે ચૂકે પણ વેર વૃત્તિ કે તેને ભાંગી નાખવાની વૃત્તિ ન પ્રગટ થવી જોઈએ.

બીજા મારફત કામ લેતી વખતે એક ભૂલ સહજ રીતે આપણાથી થઈ જાય છે. તેણે આપણે જણાવેલી રીતે જ તે કામ પાર પાડવું જોઈએ, એવો આપણો આગ્રહ હોય છે. આ આગ્રહ અહંકારને પોષણ આપવાનો જ એક પ્રકાર હોઈને તે ત્યાજ્ય જ છે. સામેની વ્યક્તિને કયા પરિણામની અપેક્ષા છે તે જણાવો. પોતે કેવી રીતે તે પરિણામ લાવેલા તે પણ જણાવો. તે પોતે વિચાર કરીને આના કરતા સારી પદ્ધતિ

અજમાવી શકે તો જરૂર અજમવો એવું પ્રોત્સાહન આપો અને તે નવી પદ્ધતિ શોધી કાઢે તો તેનો સંતોષ વ્યક્ત કરી પ્રશંસા કરતા ચુકશો નહિ. આ રીતે તેના ચેતનાના વિકાસમાં તમે સહભાગી થઈ શકો છો અને પ્રભુના કાર્યના નિમિત્ત બની શકો છો.સમાજમાં ફરતી વખતે અન્યોના અભિપ્રાયોની અથવા ટીકાઓની ચિંતા કરી તેમને સંતોષવાની ગુલામગીરી કરનારાં ઘણા જોવા મળે છે. આપણા કાર્યનો ન્યાય પ્રભુ જ તોળી શકે છે. અન્યોની ટીકા કે સ્તુતિનું કોઈ મહત્વ નથી. પ્રભુની પ્રસન્નતા માટે જ કાર્ય કરવા એ જ સાચું વલણ છે.

સમાજમાં આપણું સ્થાન, માન-સન્માન જળવાઈ રહે માટે માતાજીએ આપણને ત્રણ સૂત્રો આપેલાં છે.

(૧) તમારી કોઈ મજાક મશ્કરી ન કરે એવું ઈચ્છતા હો તો પોતે પણ કોઈની મજાક-મશ્કરી કરવાનું બંધ કરો.

(૨) તમને લાગે કે લોકો તમને માન આપે તો તમે બધાને માન-સન્માન સાથે બોલાવતા શીખો.

(૩) સહુ તમને ચાહે એવું તમને લાગતું હોય તો તમે નિરપવાદ રીતે સહુને ચાહતા શીખો.

આ બધા સૂત્રોનો આધાર મૂળ એ સત્ય પર છે કે જેવું તમે વાવશો એવું તમે લણશો. જેવા આંદોલનો તમે નિર્માણ કરશો તેવા જ આંદોલનો તમને પાછા આવી મળશે. કારણ સમાજ અને તમે એક જ પરમ-ચેતનાના બે મુખવટા છો. સર્વત્ર પ્રભુ-દર્શન અને એ મુજબનો ભાવ એ જ સમાજ જીવનનો સંગીન પાયો છે.

(અનુ.પૃ.૩૫ ઉપરથી)

## જાતક કથાઓ

કુવા જોતા જ શંકા પાકી થઈ. આપણા પહેલા જે કાફલો ગએલો તેને આપણી જેમ ભરમાવી તેમણે પાણી ઢોળી નખાવેલું. પછી પાણીના સાસાં પડતા તેમણે કુવા ખોદી પાણી મેળવવાનો પ્રયત્ન કર્યો. પણ પાણી તેમને મળ્યું જ નહિ. આ ઠગ લુટારાઓએ તો તે પછી તેમના પર હુમલો કરી તેમને મારી નાંખ્યાં અને તેમનું ધન અને ઊંટ લૂંટી લીધાં.

આ હાડપિંજરનો ઢગલો એ કાફલાનો છે.

વૃદ્ધ અનુભવી સરદારની અગમચેતીથી કાફલો બચી ગયો.

# અગમચેતી

પ્રકરણ - ૭

ઊંટોનો કાફલો રણમાં પ્રવેશવાની તૈયારીમાં હતો. તે કાફલાનો સરદાર હતો એક વૃદ્ધ, અનુભવી, ઠરેલ નાયક. સરદારે બધાંને પોતપોતાની મશકો પૂરેપૂરી ભરી લેવાનો આદેશ આપ્યો. હવે પછી પાણી નહિ મળે તેની ચેતવણી આપી.

ત્યાં બીજો એક કાફલો આવ્યો. તેનો સરદાર યુવાન, તરવરીયો. તે ઝડપથી આગળ જવા માગતો હતો. તેણે પોતાના કાફલાને કહ્યું, ''ખાઈ પી લો. આપણે આગળ વધવું છે.' થોડીવારમાં તે કાફલો આગળ નિકળી ગયો.

વૃદ્ધ સરદારે બધાંની મશકો ભરેલી છે તેની ચકાસણી કરી લીધી અને ધીમી ચાલે રણમાં કાફલો પ્રવેશ્યો. ત્રણ ચાર કલાકના પ્રવાસ બાદ તેમને સામેથી આવતો કાફલો મળ્યો. તેઓના સરદારે આ કાફલાને કહ્યું 'ઉપરવાસે ભારે વરસાદ વરસી રહ્યો છે, તમે પાણીની મશકોનો ખોટો ભાર ઉપાડી રહ્યાં છો. તમારી ગતિ પણ ધીમી તેથી પડી જાય છે.''

વૃદ્ધ સરદારે આકાશ તરફ જોયું પછી બોલ્યો, ''તમારી સલાહનો આભાર.'' તે કાફલો નિકળી જતાં બધાંને કહ્યું ''પાણી જરા પણ વેડફતા નહિ''

કાફલામાંના યુવાનોમાં ચણભણ થવા લાગી પણ તેમણે ધ્યાનમાં લીધું નહિ.

તે પછી રસ્તામાં અર્ધાપર્ધા ખોદેલા કુવા દેખાવા લાગ્યા. વૃદ્ધ સરદાર મનોમન તેનો તાળમેળ ગોઠવવા પ્રયત્ન કરી રહ્યો હતો.

થોડાક કલાકો બાદ તેમને હાડપિંજરોનો ઢગલો દેખાયો. વૃદ્ધ સરદારના આંખોમાં ચમક દેખાઈ.

રાત્રે પડાવ નાખી વૃદ્ધ સરદારે ભેગા થવા કહ્યું પછી બોલ્યો :

''જુઓ પેલો સામેથી આવતો કાફલો મળ્યો હતો તે ઠગ લુટારાઓનો હતો. આકાશમાં વાદળાં ન દેખાતાં મને તેમના બાબતમાં શંકા આવી. અર્ધા ખોદેલા

(અનુ.પૃ.૩૪ ઉપર)

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

# સૌંદર્યનો ભાવ અને ચૈતસિક અસ્તિત્વ

પ્રકરણ - ૩૬

(ખંડ-૨, પૃ.૧૭૯-૧૮૧)
(૨૮-૯-૨૬)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

શિષ્ય : વ્યક્તિ શારીરિક, પ્રાણમય અને માનસિક ચેતના પૈકી એકમાં વધુ સમય રહેતો હોય છે. તેના પરિણામે, તેના સ્વભાવમાં ક્યા ગુણ વિશેષો પ્રગટ થાય છે?

શ્રી અરવિન્દ : શારીરિક ચેતનાના બળો ભૌતિક જીવન બાબત આગ્રહી હોય છે. પ્રાણમય ચેતના વાળો પોતાની કામના પાછળ દોડતો દેખાશે. માનસિક ચેતના વાળો આદર્શો પાછળ દોડતો દેખાશે.

શિષ્ય : પુરુષ પ્રકૃતિની ગતિવિધિથી પોતાને મુક્ત કરે છે. પછી તેણે ઉચ્ચતર તત્ત્વ માટે કેવી રીતની અભીપ્સા કરવી જોઈએ?

શ્રી અરવિન્દ : સાચો પુરુષ દૃષ્ય માત્ર હોય છે તે અભીપ્સા નથી કરતો. પ્રકૃતિએ અભીપ્સા સેવતા શિખવાની હોય છે. પ્રકૃતિ મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ વગેરેના ઓઠા નીચે અભીપ્સા સેવતી હોવાથી પુરુષ અભીપ્સા સેવે છે એમ લાગે છે.

શિષ્ય : અતિમનસ વ્યક્તિ સંસાર તરફ કેવી રીતે જુએ છે?

શ્રી અરવિન્દ : અતિમનસ વ્યક્તિ જેમ પરમ સત્ય સંસાર તરફ જુએ છે તેવી રીતે જ જોતો હોય છે?

શિષ્ય : સત્ય સંસારને કેવી રીતે જુએ છે?

શ્રી અરવિન્દ : તમે ત્યાં ઊર્ધ્વમાં જાઓ અને તમને બધું જ સમજાઈ જશે.

શિષ્ય : તૈતરીય ઉપનિષદ જણાવે છે કે વિજ્ઞાન યજ્ઞનો વિસ્તાર છે પ્રિય તેનું શિર્ષ, આનંદ તેની જમણી બાજુ, મહાનંદ તેની ડાબી બાજુ, સર્વ વ્યાપકતા (ભૂમા)નો આનંદ તેનું શરીર છે. બ્રહ્મ તેની પ્રતિષ્ઠા. આનો અર્થ - વિજ્ઞાનમય ચેતનામાં સમજાય છે કે પ્રભુના આવિર્ભાવ સ્વરૂપ યજ્ઞ ફક્ત ભૌતિક સ્તરે નથી બધાં જ સ્તરે છે. તેથી તેનું ફલક વિસ્તરે છે. બધું જ મધુર લાગવા લાગે છે. કારણ યજ્ઞ ભાવનાથી કરાય છે. તેથી તે તેનું સર્વ શ્રેષ્ઠ ફળ છે, શીર્ષ છે તેમ જીવવાથી જીવનમાં આનંદ ઉમંગ ફેલાય છે એ તેની જમણી બાજુ ધ્યાન સમાધિનો મહાનંદ મળે છે, તે ડાબી બાજુ. પોતાની ચેતનાને સર્વ વ્યાપી થતા અનુભવે છે અને પોતે પોતાનો આત્માનંદ ભોગવે છે. તેની ઉપર જ આ બધી ક્રિયાઓનો આધાર છે તેથી તે પાયો (પ્રતિષ્ઠા) છે.

પછી ઉપનિષદ યોગીની સાધના વિષે વાત કરે છે. શ્રદ્ધા તેનું શીર્ષ, ૠત તેની જમણી બાજુ, સત્ય તેની ડાબી બાજુ, એકતા તેનું શરીર અને બૃહત્ તેનો પાયો છે. અર્થાત્ આ માટે જે સાધના કરવાની છે તેમાં શ્રદ્ધાથી શરૂઆત થાય છે. તે તેનું શીર્ષ છે. સાધનાને કારણે જે બીજ સ્વરૂપ સત્ય (ૠત) છે તે પ્રાપ્ત થશે એવી ધારણા તે ડાબી બાજુ છે અને તે જ્યારે જીવનમાં વાસ્તવિક બને છે, સત્ય બને છે, ત્યારે જાણે જમણી બાજુ પણ સર્જાય છે. આ બન્ને એકરૂપ જ છે તે તેનું સમગ્ર સ્વરૂપ શરીર છે. અને આ સાધનાનો પાયો છે તે સર્વ વ્યાપિ (બૃહત) ચેતનાનો સાક્ષાત્કાર.

શ્રી અરવિન્દ : આનો અર્થ એ છે કે અતિમનસ ચેતના પ્રાપ્ત કરવા મહસને (નિરાકાર અસીમ ચેતનાને) પ્રાપ્ત કરવી જ પડશે. તે પાયારૂપ જ છે. તેથી આવિર્ભાવ પામવા અવતરણ પામતું સત્ય (ૠત) અને આવિર્ભાવ પામેલું સત્ય બન્ને પ્રાપ્ત થશે. જે એકજ ક્રિયાની બે બાજુ માત્ર છે. શ્રદ્ધા એટલે સત્યનો જ સ્વીકાર કરવાનું વલણ.

શિષ્ય : સત્ય અતિમનસની પણ ઉપર હોય તો તેને માટે શ્રદ્ધા રાખવાની જરૂર શી ? શ્રદ્ધા એટલે અનુભૂતિ વગર આપેલી માન્યતા.

શ્રી અરવિન્દ : અહીં શ્રદ્ધા એટલે સત્યને જાણ્યા પછી તેને સ્વીકારી જીવન દ્વારા પ્રગટ કરવાનું વલણ. અહીં યોગી માટે (યોગ આત્મા) શબ્દ વાપર્યો છે. તેનો અર્થ છે ઊર્ધ્વ ચેતના સાથે પોતાની ચેતનાને જોડી દઈ એકરૂપ કરવાની ક્ષમતા રાખતો યોગી.

શિષ્ય : ઉપનિષદ આગળ જણાવે છે કે આ પૂર્ણ થવાથી પ્રાણાયામ પૂર્ણાવસ્થા

પ્રાપ્ત કરે છે.

શ્રી અરવિન્દ : પ્રાણ શક્તિ એટલે જીવન શક્તિ. તે પરમ-ચેતના સાથે એકરૂપ થતા જ તેને જે અભ્યાસ કરાવવાની અને શિસ્તમાં રાખવાની સંયમની જરૂર હતી તે હવે રહેતી નથી. કારણ તેનો હેતુ સફળ થઈ ગયો છે. યોગીનો સ્વભાવ જ સંયમરૂપ બની જાય છે.

શ્રી અરવિન્દ : ઉપનિષદ આગળ જણાવે છે કે યજુષ્ટ તેનું શીર્ષ છે. ઋક્ તેની જમણી બાજુ. સામ તેની ડાબી બાજુ, આજ્ઞા તેનો આત્મા અને અર્થવ આંગિરસ તેનો પાયો છે અર્થાત્ પરમ ચેતના સાથે એકરૂપ થવાની ક્રિયા સ્વરૂપ ''આહુતિ (યજુષ્ટ) તે જ તેનું મસ્તક અર્થાત્ શરૂઆત છે. તેને કારણે નિમ્ન ગોલાર્ધથી પેલીપાર રહેલ સૂક્ષ્મ જગતનું ભાન થવું એ ડાબી બાજુ છે (ઋક = વર્તુળનો વ્યાસ) નિમ્ન તથા ઊર્ધ્વ જગતોમાં સમાનરીતે વ્યાપ્ત (સામ) પરમ-ચેતનાનો અનુભવ તે જમણી બાજુ અર્થાત્ મહત્વની સિદ્ધિ છે અને પરમ-ચેતનામાંથી પ્રેરણારૂપે આજ્ઞા મેળવવી એ તેનું શરીર છે. વાસ્તવિક નક્કર સિદ્ધિ છે અને પ્રકાશમય અસીમ સ્થિર ચેતનામાં (આંગીરસ = પ્રકાશમય, અર્થવ = સ્થિર) પોતાની ચેતનાને સ્થિર કરવી એ પાયારૂપ કાર્ય છે.

શિષ્ય : તેમાં પ્રાણતત્વના સ્વરૂપનું પણ વર્ણન આવે છે ને?

શ્રી અરવિન્દ : હા, તેમાં અપાન ડાબી બાજુ, આકાશ આત્મા છે, પૃથ્વી પાયો છે. અર્થાત્ શક્તિના અવતરણનો અનુભવ (અપાન) એ ગૌણ અનુભવ છે (ડાબી બાજુ) પણ આરોહણ અને અવતરણ બન્નેનો અનુભવ )વ્યાન = વ્યાપક) તે મહત્વનો અનુભવ છે. ચેતનાને સર્વ વ્યાપી નિરાકાર સ્વરૂપે સ્થિર નિશ્ચળ અનુભવવી એ તો તેનું હૃદય સ્વરૂપ જ છે (આત્મા) અને આ અનુભવ શરીર દ્વારા અનુભવવો એ તેનો મજબૂત પાયો છે.

શિષ્ય : ખ્રિસ્તીઓની ત્રિપુટી (હોલી ઘોસ્ટ) શું બ્રહ્મા - વિષ્ણુ - મહેશ સાથે એકરૂપ છે?

શ્રી અરવિન્દ : ના, બ્રહ્મા સર્જન કરનાર, વિષ્ણુ પાલન કરનાર, મહેશ સંહાર કરનાર, વૈશ્વિક શક્તિઓ છે. આ કાર્ય ભેદ ઉપર આધાર રાખે છે. ત્રણે વૈશ્વિક કક્ષાનાં જ છે. અર્થાત્ કક્ષા ભેદ નથી. જ્યારે હોલી ઘોસ્ટ એ વૈશ્વિક ચેતના અને ઈશ્વર એ વિશ્વાતીત ચેતના છે. આ કક્ષા ભેદ છે. ઘોસ્ટનો અર્થ અપાર્થિવ ચેતના.

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

## ચેતનાનાં સ્તરો અને વિભાગો

અવતરણો
(ભાગ-૧, પ્રકરણ ૨ પર આધારિત)
પ્રકરણ - ૨૯

## જન્મ-મરણના ફેરા, ચૈત્ય-પુરુષનો પ્રવાસ

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- **અંતરાત્મા જન્મ ધારણ કરે છે ત્યારે..... ભૂતકાળમાં થયેલ સમુત્ક્રાંતિ અને ભાવિની જરૂર પ્રમાણે વિશ્વ પ્રકૃતિની સામગ્રીમાંથી તેનાં મન, પ્રાણ અને દેહ બંધાય છે. પૃ. ૨૭**
- **દેહનો વિલય થાય છે ત્યારે પ્રાણતત્વ પ્રાણમય લોકમાં જાય છે..... મનોમય કોશ સૌથી છેલ્લે વિલય પામે છે..... આખરે અંતરામા યાને ચૈત્યપુરુષ ચૈત્ય લોકમાં નિવૃત થાય છે. પૃ. ૨૭**
- **વ્યક્તિની મનોમય સત્તા..... પ્રાણમય સત્તા પણ સાચા ચૈત્યપુરુષની આજુબાજુ કેન્દ્રિત અને વ્યવસ્થિત હોય તો મરણ પછી પણ ટકી રહે છે. ચૈત્યપુરુષ અમર હોય છે અને તેની અમરતામાં પ્રકૃતિની બે સત્તાઓ ભાગીદાર બને છે.**
- **જીવનમાં મળેલા અનુભવોમાંથી ઉપયોગી એવાં મૌલિક તત્વોને ચૈત્યપુરુષ ભેગાં કરે છે. પૃ. ૨૭**
- **શ્રાદ્ધ વગેરે મરણ પછી કરવામાં આવતી ક્રિયાઓ..... પૃથ્વી જોડે..... પ્રાણમય લોક જોડે બાંધી રાખનાર..... આંદોલનોને દૂર કરવામાં મદદ કરવા માટે ઉપયોગી હોય છે. જેથી કરીને અંતરાત્મા ચૈત્ય લોકની શાંતિમાં જલ્દીથી પ્રવેશ કરીને આરામ કરી શકે. પૃ. ૨૭**

જન્મ અને મરણની પ્રક્રિયામાં યોગિક રીતે અને સૂક્ષ્મ જગતોમાં ચૈત્ય-પુરુષ અને પ્રકૃતિના બીજા બધા તત્ત્વો કઈ રીતે કાર્ય કરતા હોય છે તે બાબતે શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે.

જન્મની પ્રક્રિયામાં જ્યારે અંતરાત્મા એટલે કે ચૈત્યપુરુષ પ્રવેશે છે ત્યારે વિશ્વ પ્રકૃતિમાંથી પોતાના વિકાસ માટેના જરૂરી તત્ત્વો મનોમય લોક, પ્રાણયમ લોક અને પાર્થિવ લોકમાંથી આકર્ષીને માંના ગર્ભમાં પ્રવેશે છે. ચૈત્યપુરુષનું જ્ઞાન સચોટ હોય છે અને તેના વિકાસની પ્રક્રિયામાં પોતાના અગાઉના જન્મનો નીચોડ પણ સાથે રાખીને આ વિશ્વ પ્રકૃતિના તત્ત્વોને આકર્ષીને જન્મની પ્રક્રિયામાં પ્રવેશે છે. આ ચૈત્ય પુરુષની 'દેવ-ઉઠી' એકાદશી હોય છે.

જ્યારે મૃત્યુ એટલે કે વિલયની પ્રક્રિયામાં આથી ઉલટો ક્રમ હોય છે. પ્રથમ ચૈત્યપુરુષ દેહનો ત્યાગ કરે છે અને ત્યારબાદ પ્રાણમય શરીરમાં રહીને અનુભવ લે છે. આ ચૈત્યપુરુષ જાણે અનુભવોને વાગોળવાની પ્રક્રિયા હોય છે. નિરાંતે પ્રભુના ધામમાં આરામ ફરમાવે છે. આ ચૈત્ય પુરુષની 'દેવ-પોઢી' અકાદશી હોય છે.

આ પ્રક્રિયાનાં મૂળમાં તો પરમ પ્રભુનો આદિ સંકલ્પ જ કાર્ય કરતો હોય છે. જન્મ-મરણની પ્રક્રિયામાં ચૈત્ય-પુરુષ વિકાસ કરતો હોય છે. આ વિકાસ કઈ રીતે બની આવે છે તે માટે શ્રી અરવિન્દ કહે છે કે લોકના ત્યાગવાની અને ફરીથી ધારણ કરવાની ક્રિયામાં જ ચૈત્યપુરુષ વિકાસ કરતો હોય છે. મનોમય કે પ્રાણમય કે શારીરિક ચેતનાનો જે ભાગ માનવ જીવન દરમિયાન ચૈત્યપુરુષના પ્રભાવ હેઠળ આવીને દિવ્યતા ધારણ કરે છે તે ભાગો ચૈત્યપુરુષમાં કાયમ માટે સ્થાયી થાય છે અને ચૈત્યલોકમાં પણ ચૈત્ય-પુરુષની સાથે દિવ્ય પ્રકૃતિના તત્ત્વો તરીકે સાથે રહે છે. અને પછીના જન્મમાં ચૈત્ય-પુરુષની દિવ્ય પ્રકૃતિ તરીકે અનુભવોમાં ભાગ ભજવતા હોય છે. ગીતામાંના યોગ ભ્રષ્ટ આત્માની અગાઉના જન્મોની યોગ સાધના પછીના જન્મમાં અચૂક સાથે હોય છે તે જ બાબત શ્રી અરવિન્દ જણાવી રહ્યા છે.

ચૈત્યપુરુષને શારીરિક, પ્રાણમય, મનોમય લોકો છોડવામાં અનેક પ્રકારના વિઘ્નો આવતા હોય છે કારણકે પ્રકૃતિના દરેક ભાગ કે તત્ત્વ શુદ્ધ કે દિવ્ય હોતા નથી. આ લોકોમાંથી પસાર થવાના સમયે ચૈત્યપુરુષને નીચે તરફ પ્રકૃતિના આ નિમ્ન તત્ત્વો ખેંચતા હોય છે. આ અધોગામી આંદોલનોમાંથી શાંતિથી ચૈત્યપુરુષ પસાર થઈ શકે તે માટે શ્રાદ્ધ વિગેરે વિધિઓ કરવામાં આવે છે. આ વિધિઓનો મૂળ હેતુ આત્મા - ચૈત્યપુરુષની ઊર્ધ્વગતિમાં આવતી મુશ્કેલીઓ દૂર કરવાની છે. આ ભાવનાથી શ્રાદ્ધ કર્મ વિગેરે કરવામાં આવે તો આત્માની ગતિ સરળ અને ઝડપી રીતે ઊર્ધ્વગામી બને છે.

# શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

## પોતાની છેતરામણી (૪૯)

પ્રકરણ - ૩૧

(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૮૭-૯૦)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**હું જ્યારે પુણ્યકોપની વાત સાંભળું છું ત્યારે મને આશ્ચર્ય થાય છે કે માણસમાં પોતાની જાતને છેતરવાની કેવી તો શક્તિ રહેલી છે (૪૯)**

માનવ અન્યના નઠારા વિચારો, વર્તનો જોઈને પૂણ્ય પ્રકોપ અનુભવે છે. તેની જાહેરમાં ટીકા કરે છે. પોતે સમગ્ર માનવ જાતનાં હિતમાં જ વાત કરી રહ્યો છે, એવો આત્મ સંતોષ માને છે, પણ એવી ઘણી બાબતો માનવ જાતના હિતમાં નથી અને છતાં તે તેમની આળપંપાળ કરે છે, તે બાબતમાં પોતે કોઈ વખત પૂણ્ય-પ્રકોપ અનુભવતો નથી. આ જ એની પોતાને છેતરવાની ટેવ છે. શ્રી અરવિન્દને આનું આશ્ચર્ય થાય છે.

શ્રી માતાજી જણાવે કે સદગુણ અને દૂર્ગુણ એ જોડકાં સાથેજ રહે છે. દુર્ગુણના નીચે તેને જીતવાનો સદગુણ દટાઈને પડેલો હોય છે, જેનો ઉપયોગ કરીને આપણે દુર્ગુણને જીતવાનો છે. જ્યારે સદ્‌ગુણમાં નીચે જ તેના પડછાયા રૂપે દુર્ગુણ પણ રહેલ છે જ.

જ્યાં સુધી આપણે સદ્‌ગુણ અને દુર્ગુણથી પર નહિ થઈ જઈએ ત્યાર સુધી સાચી પ્રગતિ નથી. શાસ્ત્રો કાંટાથી કાંટો કાઢી પછી તે કાંટાને પણ ફેંકી દેવાની વાત કરે છે. ગીતા સત્વગુણથી પણ ઉપર ત્રિગુણાતીત થવાની વાત કરે છે. ત્યારે જ બન્નેનું જોડકું તમારામાંથી વિદાય લે છે.

પૂણ્યપ્રકોપમાં ક્રોધ પ્રગટે છે એ વાસ્તવિકતા છે. અને ક્રોધ કોઈ આધ્યાત્મિક આવડત નથી પણ સામાન્ય માનવ તે ક્રોધને ક્રોધ તરીકે ઓળખતો નથી. ક્રોધ એ વિકૃત બનેલી પ્રાણ-શક્તિ છે. તે નબળાઈ જ છે.

આ છેતરામણીનો પ્રથમ પ્રકાર છે. બીજો પ્રકાર છે આત્મ વિવંચના. પોતાને અન્યથી શ્રેષ્ઠ ગણવાની વૃત્તિ. આ તો પુણ્યપ્રકોપ કરતાં પણ ખરાબ છે. તેમાં સાધક યોગવિષેના પુસ્તકો વાંચે છે પણ તેનો સાચો ઉપયોગ ન કરતાં તેના ઓઠા નીચે પોતાની પસંદગીઓ અને નાપસંદગીઓની આળપંપાળ કરે છે. બીજાનું વર્તન વિચારો કેવા ખોટા છે એ તેમને સમજાવે છે. આ બગભગત હોય છે. આ લોકોની છેતરામણી તો એવી હોય છે કે તે બીજાને તો છેતરેજ છે. પણ તેથી પણ વધુ પોતાને છેતરે છે. પોતાનો ગુપ્ત-અહંકારને તે પોષે છે.

આવી રીતે અહંકારમાં પોતાને બચાવવાની આ બધી યુક્તિઓ અને પ્રયુક્તિઓ છે. તે સમજીને તેને ઉઘાડો કરી, તે છે એ રીતે તેની તરફ જોશો અને સમજશો તો જ તેનો નાશ કે રૂપાંતર કરવું શક્ય છે. અન્યથા નહિ.

બીજાના અહંકારની આ યુક્તિઓ તમે તરત પકડી પાડો છો પણ પોતાના અહંકારને પકડી શકતા નથી. આ વસ્તુ હર મિનિટે બનતી હોય છે. તટસ્થ આત્મનિરિક્ષણ સિવાય આને પકડવાનો અન્ય ઉપાય નથી.

અહંકારને સાચા અર્થમાં ઓળખી તેને પ્રભુ ચરણે સમર્પિત કરવો જોઈએ.

## - એક નૂતન - પ્રયોગ -

અમરેલીના પ્રો.શ્રી રવજીભાઈ કાચા લિખિત 'સાવિત્રીની ઊર્ધ્વયાત્રા' નાટિકા વાંચવા મળી, લેખકે સાવિત્રીના કથાનક અને વિચારો સાથે પૂર્ણ સત્યનિષ્ઠ રહી નાટ સ્વરૂપે આલેખન કરેલ છે.

સદર નાટિકા સ્ટેજ ઉપર ભજવાય અથવા રેડીયોના કલાકારો પાસેથી રેડીયો-નાટ્ય-કૃતિ તરીકે રજૂ થાય તો સાવિત્રી સમજવામાં મદદરૂપ થઈ શકે છે. તેની સીડી પણ વેચાણમાં મૂકી શકાય.

આશ્રમમાં અને અન્યત્ર આવા નાટ્ય-રૂપાંતરો અંગ્રેજીમાં ભજવેલા છે જ, પણ ગુજરાતીમાં સાવિત્રી મહાકાવ્યનું નાટ્યાત્મક પ્રસ્તુતિકરણ થએલું મારી જાણમાં નથી.

આ નૂતન-પ્રયોગ કરવા જેવો છે. રસધરાવનારાઓએ શ્રી રવજીભાઈનો સંપર્ક કરવા વિનંતી.

**પ્રો. શ્રી રવજીભાઈ કાચા**, આય.ટી.આઈ. સામે, અમરેલી - ૩૬૫૬૦૧

**મો. ૯૪૦૮૧ ૫૭૦૯૨**

- માનસિંહ ચાવડા

# વૈદિક દેવતા
# સૂર્ય (આદિત્યાઃ)

પ્રકરણ - ૭

પુષન્‌ને દંતહીન અને ભગને અંધ માનવા આ પ્રતીકાત્મક વસ્તુઓ છે. પુષન્ જીવન અને શક્તિ આપે છે. ભગ આધ્યાત્મિક આનંદ. આ બન્ને સાધકની પાત્રતા જોઈને લેખાજોખાથી આપતા નથી. એમ ઋષિઓ વર્ણવે છે. તે સમાન રીતે પાત્રાપાત્રનો વિચાર કર્યા વગર પ્રભુકૃપાની જેમ બધાં પર વરસે છે. આપણી ધારણા ક્ષમતાઓ ઓછી વત્તી છે તેથી ઓછુંવત્તું આપણને મળે છે એનો તે સંકેત છે.

સૂર્ય અથવા આદિત્યનું એક સ્વરૂપ મિત્ર તરીકેનું છે. તે બધાંના જીવનયજ્ઞમાં શાંતિ લાવે છે. મિત્રો વૈ યજ્ઞસ્ય શાંતિઃ (કાઠ. સં. ૩૫-૧૯) તે બધાંને સવિતૃ જેવા તેજોમય કરવામાં માને છે. પ્ર.ચ. સુવાતિ સવિતા (ઋ. ૫-૮૨-૯). સાધકના સાધનામાંના વિકાસના ગાળાઓનો દેવ ભગ છે અને રાત્રિના ગાળાઓનો પચાવવાના તબક્કાનો દેવ વરુણ છે. વરુણેન સમુબ્જિતાં. મિત્રઃ પ્રાતવ્યુબ્જતુ (અર્થવ ૯-૩-૧૮) સાધનામાં વિશાળ થતી વિષ્ણુ ચેતના જ ધીમે ધીમે ત્રણે શરીરો ઉપર કબજો ક્રમશઃ મેળવી ત્રણ પગલાં ભરે છે. તે પણ મિત્રના વિસ્તરતા કાર્યક્ષેત્રને ધ્યાનમાં લઈને જ મિત્ર શાંતિથી પોતાના ક્ષેત્રને ભરી દેતો હોય છે. યસ્મૈ વિષ્ણુસ્ત્રીણિ પદા વિચક્રમ ણ્પ મિત્રસ્ય ધર્મ ભિઃ (વાલખિલ્ય - ૪.૩) શાંતિની સ્થાપના વગર વિશ્વચેતના પોતે પ્રભાવી રીતે કાર્ય કરી શકતી નથી એ તેનો મતિતાર્થ છે.

સાધકના રાત્રિના પાચનગાળા અને વિકાસના ઉષાના ગાળા બન્ને ને વેદોમાં સૂર્યકન્યા તરીકે બિરદાવ્યા છે બન્ને સૂર્યની સર્જનશક્તિની કાર્યપદ્ધતિનાં ગાળા છે દિવો દુહિતા (ઋ. ૧૦-૧૨-૭-૮)

સૂર્યને સરસ્વાન્ તરીકે પણ વર્ણવેલ છે (સરસ્વાન્ સૂર્યોવા દેવતા (ઋ.સા.૧.૧.૬૪) તે પ્રાણમય સૂર્ય શક્તિ છે. સરસ્વન્ત મિતિ પ્રાણો વાચં (બૃહ ૪-૩૯). તે મનોમય શક્તિ પણ છે. મનો વૈ સરસ્વાન (શત બ્રા ૭-૫-૧-૩૧)

સારાંશ, તે મનોમય પ્રાણશક્તિ છે. તેસ્વર્ગલોકમાં પૂરેપૂરી ખીલેલી હોય છે. સ્વર્ગ લોકઃ સરસ્વાન્ (તા.મ.૧૬-૫-૧૫) સ્વર્ગલોક એટલે મનોમય જગત.

સવિતા અને સૂર્ય વચ્ચે ઋષિઓએ સૂક્ષ્મ ભેદ પાડેલો છે. સૂર્ય દિવસે જે ક્ષણે પ્રગટ થાય તેને સવિતા કહે છે. સૂર્યોદય પછીનો તરત દેખાએલો સૂર્ય સવિતા છે ઉધ્યાત્ ભાવી સવિતા (ઋ.૫-૮૧-૪ સા.ભા.) અરૂણોદય પછીનો આખા દિવસનો સૂર્ય તે સૂર્ય છેઃ સાધકના સ્વરૂપમાં આ સવિતાની સાવિત્રી શક્તિ રૂપાંતર કરીને દૈવી-ક્ષમતાઓને જન્મ આપે છે.તેથી સવિતાને દેવોના જનક કહ્યાં છે. સવિતા વૈ દેવાનાં પ્રસવિતા (રાત બ્રા.૧-૧-૨-૧૭) તે જ સવિતા શરીરનાં કોષોનું પણ રૂપાંતર કરી તેમનું રાષ્ટ્ર નિર્માણ કરીને પોતે તેનું રાષ્ટ્રપતિ તરીકે સંચાલન કરે છે. સવિતા રાષ્ટ્રં રાષ્ટપતિઃ (શત બ્રા ૧૧-૪-૩-૧૪) ગાયત્રી મંત્રનો દેવતા આ રીતે સવિતા છે સૂર્ય નથી.

ભગવાન આદિત્ય ઉષાની પાછળ પાછળ ચાલે છે. સૂર્યો દેવીમુષસં રોચમાનાં મર્યો..... (મૈત્રા. સં.૪-૧૪-૪).

**સૂર્યા - સાવિત્રી** - સાવિત્રીને સૂર્યની પુત્રી તરીકે દુહિતા સૂર્યસ્ય વર્ણવી છે (ઋ. ૧-૧૧૬-૧૭) અમુક ઠેકાણે તેમને પ્રજાપતિની પુત્રી ગણાવી છે. તે સૂર્યની સર્જનશક્તિ છે અને પ્રજાનું સર્જન પણ કરે છે. તે અર્થમાં પ્રજાપતિની પુત્રી તરીકે ગણાવી છે. તેને અશ્વિનીકુમારની પત્નિ ગણી છે. જે આરોગ્ય બક્ષે છે. તે સાધકમાં માનસિક આનંદ પ્રગટાવતી હોવાથી તેને સોમની પત્નિ પણ ક્યાંક ક્યાંક જણાવી છે. સૂર્યા પતિં નવભર્તારં સોમમયાત્ અગચ્છન્ (ઋ. સા.ભા.૧૦-૮૫-૭) કેટલેક ઠેકાણે તેમને અગ્નિની પત્નિ તરીકે જણાવી છે. ઋગ્વેદ ૧૦-૮૫માં સાવિત્રી પોતાના સફળ વૈવાહિક જીવનની પ્રસંશા કરતા જણાવ્યા છે.

સૂર્યને વિવસ્વાન્ - તેજોમય કહ્યાં છે. તેમની પત્નિ સરણ્યૂથી તેમને એક પુત્ર એક પુત્રી જન્મેલા જેમને યમ અને યમી કહે છે.

ભૌતિક મર્ત્યલોક અને સ્વર્ગ લોક વચ્ચે જે ભુવર્લોક છે તેના ત્રણ સ્તરોનો 'દ્યાવાઃ' તરીકે વર્ણન જોવા મળે છે. તેમાંથી સ્વર્ગના લગોલગના નીચેના બે સ્તર પ્રકાશયમ હોવાથી તે વિવસ્વાન્નો પ્રદેશ ગણાવેલ છે. જ્યારે ભુર્લોકના લગોલગનો ઉપરનો 'દ્યાવાઃ'નો સૌથી નિમ્ન સ્તર અંધારીયો છે. તે યમરાજાનો પ્રદેશ જણાવેલ છે તે નિમ્નપ્રાણનો 'નરક'નો પ્રદેશ છે. ત્રિસ્રો દ્યાવાઃ સવિતુર્દ્વા ઉપસ્થં એકા યમસ્ય ભુવને વિરાષાટ્ (ઋ. ૧૦-૩૫-૬).

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## અભીપ્સા

પ્રકરણ - ૩
(પૃ. ૬-૧૦)

૧ **આધ્યાત્મિક અભીપ્સા એટલે શું ?**
પ્રભુ તેમજ આધ્યાત્મિક અનુભૂતિઓ, સાક્ષાત્કારો અને વસ્તુઓ માટે અભીપ્સા સેવવી એને આધ્યાત્મિક અભીપ્સા કહેવાય છે.

૨ **શું અભીપ્સા અને સંકલ્પ એક જ વસ્તુ છે ?**
ના, અભીપ્સા એ પ્રભુને પુકાર સ્વરૂપની હોય છે. તેમાં આધ્યાત્મિક માગણી હોય છે. સંકલ્પશક્તિએ નિશ્ચિત કાર્ય સિદ્ધિ માટે પ્રકૃતિ ઉપર મૂકેલું દબાણ હોય છે. અભીપ્સામાં તમે પ્રેમથી મેળવો છો. સંકલ્પ દ્વારા દબાણથી મેળવો છો.

૩ **શું પ્રાર્થના અને અભીપ્સા બન્ને એક જ છે ?**
અભીપ્સા અભિવ્યક્ત થતી વખતે પ્રાર્થનાનું સ્વરૂપ લઈ શકે છે. પણ તેમાં આધ્યાત્મિક માગણીઓ જ હોય છે. જ્યારે પ્રાર્થનામાં ઐહિક વસ્તુઓ બાબતની પણ માગણી હોય છે. દા.ત. યશ, માન-સન્માન, ધન, પુત્રપ્રાપ્તિ, સુખ વગેરે.

૪ **અભીપ્સા અને ખુલ્લા થવું એ બે વચ્ચે શું તફાવત છે ?**
અભીપ્સાને કારણે ખુલ્લાપણું આવવાની શક્યતા વધી જાય છે. પણ બન્ને ભિન્ન ભિન્ન વસ્તુ છે. અભીપ્સા પ્રભુ માટેનો પુકાર હોય છે. ખુલ્લાપણાથી અભીપ્સામાં પણ તીવ્રતા આવે છે.

૫ **શું પ્રાણમાંથી પ્રગટ થતી અભીપ્સા અને હૃદયમાંથી પ્રગટતી અભીપ્સા બન્ને**

**એક જ છે?**

ના, પ્રાણની અભીપ્સા જીવનશક્તિમાંથી પ્રગટ થાય છે. તે પ્રાણમય હોય છે. તે ક્રિયાસ્વરૂપ હોય છે. હૃદયમાંથી પ્રગટ થતી અભીપ્સા ચૈતસિક અથવા ઊર્મિમય હોય છે. તે વધુ પડતી પ્રેમ અથવા સમર્પણ હોય છે.

૬ **શું પ્રકૃતિની ભિન્નતા મુજબ અભીપ્સા પણ જુદાં જુદાં સ્વરૂપની હોય છે?**

ના, બધાંમાં પ્રગટ થતી અભીપ્સાની શક્તિનું સ્વરૂપ તો મૂળતઃ એક જ હોય છે. ફક્ત પ્રકૃતિ અનુસાર તેની શુદ્ધતા, તીવ્રતા અને હેતુમાં તફાવત પડે છે.

૭ **શું નબળી સંકલ્પશક્તિ ધરાવતો સાધક ફક્ત અભીપ્સાના જોરે સાધનામાં પ્રગતિ કરી શકે?**

ના, તેવું શક્ય નથી. તેણે અભીપ્સાથી પોતાની સંકલ્પશક્તિને દૃઢ કરવા ઊર્ધ્વમાંની દિવ્ય-સંકલ્પશક્તિને અવતરણ કરાવી તેની મદદથી પ્રથમ પોતાની સંકલ્પ શક્તિને દૃઢ કરવી પડે છે અને તેને સાધનામાં નિયોજવી પડે છે આમ પોતાની સંકલ્પશક્તિને બળવાન કરી શકાય છે.

૮ **અભીપ્સાની વિકાસની ગતિમાં તીવ્રતા અને મંદતાના ગાળા શા માટે આવે છે?**

પ્રકૃતિની વિકાસની ગતિને અનુસાર આવા તીવ્ર અને મંદતાના ગાળા આવતા હોય છે. પ્રકૃતિને ગ્રહણ કરવાના તબક્કા બાદ આત્મસાત્ કરવાનો ગાળો આવે છે. પ્રથમ તબક્કામાં અભીપ્સા તીવ્ર ગતિવાળી હોય છે. બીજામાં મંદગતિ વાળી. પણ સાધનામાં પ્રગતિ તો સતત થતી જ હોય છે.

૯ **જો પ્રકૃતિ સરખી જ ગતિથી વિકાસ ન કરતી હોય તો તેની મંદગતિમાં અભીપ્સા ટકાવી રાખવાની જરૂર શી?**

અભીપ્સા ન કરો તો પ્રકૃતિ પોતાની પુરાણી નિમ્નગતિઓને અનુસરવા લાગે છે. તે સાધનામાં નુકસાનકારક છે. આ નુકસાનીથી બચવા સતત અભીપ્સા ચાલુ રાખવી જરૂરી છે.

૧૦ **સાધકમાં તીવ્ર અભીપ્સા પણ ન હોય અને સાથે સાથે તેની પ્રકૃતિમાં ગંભીર અવરોધો પણ ન હોય તો શું સાધક પોતાની સાધનામાં પ્રગતિ કરી શકે છે?**

તેવા સાધકની સધનાનો વિકાસ પણ મંદગતિથી જ આગળ વધશે. (ક્રમશઃ)

# પ્રાસંગિક

- હિરણ્મયી સ્માર્ત

## શ્રી અરવિન્દના ચાર સાક્ષાત્કાર
## પૂર્ણયોગના ચાર આધાર - સ્તંભ

શ્રી અરવિન્દે સાધકોના લેખિત પ્રશ્નોના લેખિત ઉત્તરો અવિરત રીતે આપ્યા છે. તેમાંથી તેમના યોગ વિષે સીધું, સચોટ અને અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. તદુપરાંત સાધકોના પ્રશ્નો દ્વારા વ્યક્ત થતી ખોટી જાણકારીઓ અને ગેરસમજોની બાબતમાં તેમણે સ્પષ્ટતાઓ આપી છે. જે ઘણી ઘટનાઓ ઉપર ઉજ્જવલ પ્રકાશ પાથરે છે. શ્રી અરવિન્દનો પૂર્ણયોગ તેમના જે ચાર મહત્વના સાક્ષાત્કારો પર આધારિત છે તેની સ્પષ્ટતા તેમણે સ્વયં નીચે આપેલા ઉત્તરમાં કરી છે, જેમાં તેમણે પોતાને તૃતીયપુરુષ તરીકે સંબોધન કરેલ છે.

''જેમના પર તેમનો યોગ અને આધ્યાત્મિક તત્વજ્ઞાન આધારિત છે તે ચાર મહાન સાક્ષાત્કારોમાંના બેનો સાક્ષાત્કાર તેની પૂર્ણતામાં શ્રી અરવિન્દે પ્રાપ્ત કરી લીધો હતો. જાન્યુઆરી ૧૯૦૮માં, વડોદરામાં, મહારાષ્ટ્રીયન યોગી વિષ્ણુ ભાસ્કર લેલે સાથે ધ્યાન કરતી વખતે તેમને પહેલા (સાક્ષાત્કાર)ની પ્રાપ્તિ થઈ; તે શાંત, સ્થળ અને કાળથી પર બ્રહ્મન્‌નો સાક્ષાત્કાર હતો જે સમગ્ર ચેતનાની સંપૂર્ણ અને સ્થાયી સ્થિરતા પછી પ્રાપ્ત થયો હતો અને જે સાક્ષાત્કાર પોતાની સાથે, પહેલા, જગતની પૂરેપૂરી અવાસ્તવિકતાની સર્વોપરિ ઊભરાતી લાગણી અને દર્શન પણ લાવ્યો હતો, જોકે આ લાગણી તેમના બીજા સાક્ષાત્કાર પછી અદૃશ્ય થઈ ગઈ હતી, જે વૈશ્વિક ચેતનાનો સાક્ષાત્કાર હતો અને 'દિવ્ય પ્રભુ સર્વ સ્વરૂપે છે અને જે કાંઈ છે તે સર્વ છે' એ પ્રમાણે હતો જે તેમને અલીપોર જેલમાં થયો અને જેના વિષે તેમણે તેમના ઉત્તરપાડા વ્યાખ્યાનમાં કહ્યું છે. બીજા બે સાક્ષાત્કારો વિષે, એ કે (૧) પરમ વાસ્તવિકતા બે પાસાવાળી છે અક્રિય બ્રહ્મન્ અને સક્રિય બ્રહ્મન્ અને એ કે (૨) ચેતનાના ઉચ્ચતર સ્તરો છે જે અતિમનસ સુધી

દોરી જાય છે, આ બંને સાક્ષાત્કારો ને માર્ગે, શ્રી અરવિન્દ અલિપોર જેલમાં તેમના ધ્યાન દરમ્યાન જ આગળ વધી ચૂક્યા હતા. વધુમાં, તેમની સાધનાના સિદ્ધાંત તરીકે તેમણ લેલે પાસેથી સ્વીકાર્યું હતું કે તેમની સાધનાઅને બાહ્ય - કાર્યો, બંનેને માટે ફક્ત પ્રભુ અને તેમના માર્ગદર્શન પર જ આધાર રાખવો.'' (C.W.S.A. Vol.36 P.95)

**નિર્વાણનો સાક્ષાત્કાર :**

શ્રી અરવિન્દે આગળના પત્રમાં જણાવ્યું છે તે પ્રમાણે તેમને સ્થળ અને કાળથી પર એવા શાંત બ્રહ્મન્‌નો સાક્ષાત્કાર થયો. મનમાં નીરવતા અને શાંતિ સ્થપાયાં. 'શાન્તિમ્ નિર્વાણ પરમાં મત્સંસ્થાંમ્ અધિગચ્છતિ' એ પ્રમાણે ગીતામાં એનું વર્ણન આવે છે. પરંતુ શ્રી અરવિન્દ માટે નિર્વાણ એટલે બ્રહ્મતત્વમાં કે પરમાત્મામાં પોતાનું નિમજ્જન કે વિસર્જન નહીં પરંતુ નિર્વાણ એટલે પરમાત્માની શાંતિ અને સ્થિરતાને પોતાના મનમાં, ચેતનામાં કાયમ માટે ઉતારવી.

આ સાક્ષાત્કારની સાથે એક સર્વોપરિ ઉભરાતી લાગણી અને દર્શન પણ આવ્યું હતું. તે દર્શન હતું જગતની અશેષ અવાસ્તવિકતાનું. નિરાકાર, અવ્યવહાર્ય એકાકી, અવર્ણનીય, અચિંતનીય એવું શાંત બ્રહ્મન્ એક માત્ર સાચી વાસ્તવિકતા હોય તેમ તેની સરખામણીમાં શ્રી અરવિન્દને જગત પોકળ આકારોનું, છાયાચિત્રોવાળું કે જેમાં કોઈ સત્વ નથી એવું લાગ્યું. બુદ્ધ ભગવાને જગતને વર્ણવતા જે કહ્યું છે - 'સર્વમ્ ક્ષણિકં ક્ષણિકં । સર્વમ્ શૂન્યમ્ શૂન્યમ્' તેની યાદ અપાવે એવી જગતની અવાસ્તવિકતાના શ્રી અરવિદને દર્શન થયા. પરંતુ આ લાગણી તેમના બીજા સાક્ષાત્કાર પછી અદૃશ્ય થઈ ગઈ.

**વૈશ્વિક ચેતનાનો સાક્ષાત્કાર :**

સ્વતંત્રતા માટે દેશને જાગ્રત કરવામાં વ્યસ્ત એવા શ્રી અરિવન્દને ૧૯૦૮ના મે મહિનામાં અલિપોર બોમ્બ કેસના સંદર્ભમાં જેલમાં પૂરવામાં આવ્યા. એક વર્ષ બાદ તેઓ નિર્દોષ છૂટ્યા. જેલમાં પ્રભુએ તેમના હાથમાં ગીતાનું પુસ્તક મૂક્યું અને તેઓ તેની સાધના કરવા સમર્થ થયા. ગીતામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે 'વાસુદેવઃ સર્વમ્ ઇતિ સ મહાત્મા સુદુર્લભઃ ।' એ મહાન સાક્ષાત્કાર શ્રી અરવિન્દને જેલમાં થયો.

દિવ્ય પ્રભુ વાસુદેવ સર્વ સ્વરૂપે છે અને જે કાંઈ છે તે સર્વ તે જ છે એવો તેમને સાક્ષાત્કાર થયો. તેમણે જેલ અને તેની દિવાલો જોઈ તો તે ન હતી. પણ વાસુદેવ જ તેમને ઘેરીને ઉભા હતા. જે વૃક્ષની ડાળીઓની નીચે તેઓ ચાલતા હતા તે વૃક્ષ ન હતું પણ વાસુદેવ શ્રી કૃષ્ણ તેમના ઉપર છત્રછાયા કરીને ઉભા હતા. જેલના સળિયા, દરવાજા બધું વાસુદેવ, નારાયણ સ્વરૂપે તેમની રક્ષા કરી રહ્યું હતું. જે ધાબળા પર તેઓ સૂતા હતા તે તો તેમના મિત્ર અને પ્રિય શ્રી કૃષ્ણના હાથ જ હતા. આમ સર્વમાં વાસુદેવનો સાક્ષાત્કાર થયો.

જગતની શૂન્યતાની લાગણી અદૃશ્ય થઈ ગઈ. તેની જગ્યાએ દરેક સ્વરૂપમાં, વસ્તુમાં, કણ કણમાં તેમને પ્રભુ વાસુદેવના જ દર્શન થયા. વિશ્વમાં કશું શૂન્ય નથી બધું પરમાત્માથી ભરેલું પૂર્ણ છે એવો વૈશ્વિક સાક્ષાત્કાર તેમને થયો. જેનું વર્ણન ૠષિએ શાંતિપાઠમાં આ રીતે કર્યું છે :

**પૂર્ણમદઃ પૂર્ણમિદમ્ પૂર્ણાત્ પૂર્ણમુદચ્યતે।**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે॥**

**અક્રિય અને સક્રિય બ્રહ્મનો સાક્ષાત્કાર :**

શ્રી અરવિન્દે કહ્યું છે કે બ્રહ્મતત્વ ફક્ત નિરંજન, નિર્ગુણ, નિરાકાર અને અક્રિય છે એટલું જ નહીં પરંતુ તે જ તત્વ સગુણ સાકાર અને સક્રિય બનેલું છે. જ્યારે શ્રી અરવિન્દને શાંત બ્રહ્મન્‌નો, નિર્વાણનો સાક્ષાત્કાર થયો ત્યાર પછી ટૂંક સમયમાં મુંબઈમાં તેમણે વ્યાખ્યાન આપવાનું હતું. તેમના મનમાં શાંતિ હતી. મનની સપાટી પર પણ કોઈ સક્રિયતા ન હતી. પ્રશ્ન થયો બોલાશે શી રીતે ? યોગી લેલેએ સલાહ આપી કે શ્રોતાગણને નમસ્કાર કરજો અને રાહ જોજો, વક્તવ્ય આવશે. શ્રી અરવિન્દે અનુભવ્યું કે કોઈ બીજા જ સ્રોતમાંથી વક્તવ્ય આવ્યું. તેઓ દિવ્ય તત્વની સક્રિયતાના શાંત વાહક બની શક્યા.

શ્રી અરવિન્દે પોતાના પૂર્ણયોગમાં બ્રહ્મન્‌ની, પરમાત્માની પોતાની શક્તિ અને સક્રિયતા તરીકે માતૃશક્તિને આગવું સ્થાન આપ્યું છે. પૂર્ણયોગ માનવીની સામાન્ય ચેતનાનું દિવ્ય ચેતનામાં રૂપાંતર કરવાનો યોગ છે તેથી તેનો શક્તિ અને સક્રિયતા સાથે અતૂટ સંબંધ છે. પોતાના મહાકાવ્ય સાવિત્રીમાં શ્રી અરવિન્દે મા ભગવતી, આદ્યાશક્તિના દર્શન અને સાક્ષાત્કારનું વર્ણન કર્યું છે.

**અતિમનસનો સાક્ષાત્કાર :**

શ્રી અરવિન્દે અતિમનસનો સાક્ષાત્કાર પોતાની નિષ્ઠા, તપસ્યા અને સાધનાથી પ્રાપ્ત કર્યો. માનવજાતિના ભાવિ વિકાસનું આગલું શિખર સર કરી સૌ કોઈને માટે તેની ઉપલબ્ધિ સરળ કરી એક અવતારી કાર્ય પૂરું કર્યું. આ દિવ્યકાર્યમાં શ્રી માતાજીએ અદ્‌ભુત સાથ આપ્યો.

શ્રી અરવિન્દે સમજાવ્યું છે કે ઉત્ક્રાંતિ ક્રમમાં માનવી એ વચગાળાનું સ્વરૂપ છે. એ પરમાત્માનું છેવટનું સર્જન નથી. માનવી અને તેનું મન મર્યાદિત અને અપૂર્ણ છે. મનની પાસે અખિલ સત્યની સંપ્રાપ્તિ નથી. મનની ઉપર ચેતનાના ઉચ્ચતર સ્તરો આવેલા છે. તે બધાંનો શ્રી અરવિન્દે સાક્ષાત્કાર કર્યો. મુક્ત બુદ્ધિ, સ્ફૂરણાની ચેતનાવાળું ઉચ્ચતમ મન છે ત્યાર પછી ત્રણ પ્રકારો બાદ પ્રાપ્ત થતું અધિમનસ અને છેવટે જેમાં અખિલ સત્યની શાશ્વત સંપ્રાપ્તિ છે એવું અતિમનસ છે.

આમ ચેતાનાના દરેક સ્તર પહોંચીને તેને પોતાનામાં સુસ્થિર કરવાનું ભગીરથ કાર્ય શ્રી અરવિન્દે કર્યું. ૨૪મી નવેમ્બર ૧૯૨૬માં શ્રી અરવિન્દને અધિમનસનો સાક્ષાત્કાર થયો. તે સિદ્ધિ દિન તરીકે ઓળખાય છે.


શ્રી અરવિન્દ પોતે અતિમનસ સુધી પહોંચીને તેમાં નિવાસ કરતા હતા. પરંતુ તેની ચેતનાનું અવતરણ પૃથ્વી તત્ત્વ સુધી અને પૃથ્વીના વાતાવરણમાં થાય તે માટે તેઓ અને શ્રી માતાજી કાર્યાન્વિત હતા. આ અવતરણ ઝડપથી બને એટલા માટે ૧૯૫૦માં શ્રી અરવિન્દે દેહ છોડી દીધો અને તેમનામાંથી અતિમનસ પ્રકાસ સો કલાક સુધી ચોમેર ફેલાયો. અને ૨૯મી ફેબ્રુઆરી ૧૯૫૬માં, શ્રી માતાજી દ્વારા અતિમનસની ચેતના, શક્તિ અને પ્રકાશનો આવિર્ભાવ વિજયી રીતે બની આવ્યો. આ દિનને સુવર્ણ દિવસ તરીકે ઓળખવામાં આવે છે. વેદમાં અતિમનસને ‘મહસ્’ શબ્દ દ્વારા ઓળખવામાં આવે છે અને ઉપનિષદમાં તે ‘વિજ્ઞાનમય કોશ’ તરીકે વર્ણવાય છે.

શ્રી અરવિન્દની જન્મ જયંતિના દિવસે તેમને પ્રણામ કરીએ :


રાજકોટ કેન્દ્રના નવા પ્રકાશનો (લે.માનસિંહ ચાવડા)

**પૂર્ણયોગની પ્રાર્થનાઓ**

(શ્રી માતાજીની પ્રાર્થનાઓ અને ધ્યાન ઉપર આધારિત વાર્તાલાપોનો ભાવાનુવાદ) પૃ.સં.૪૪૮, હાર્ડબાઉન્ડ, જેકેટ સાથે - કિં. ૨૫૦/-



# શ્રી અરવિંદ

Too high the fire spiritual dare not blaze.
If once it met the intense original Flame,
An answering touch might shatter all measures made,
And earth sink down with the weight of the Infinite.

Sri Aurobindo (Savitri B-1, C-2, P-18)

## આદિ-પ્રકાશનો અસહ્ય-પરિણામ

ભાવાનુવાદ

રખે ચૈતન્ય-અગ્નિ ભડકે બળે, ને આભને આંબવા મથે,
ક્ષણિક આદિ તીવ્ર દિવ્ય-પ્રકાશનો, જો સહેજ સંપર્ક સધાયે,
જવાબી તેનો સહજ સ્પર્શ પણ, ખોરવશે સર્વ તમ સ્વરૂપ રચના,
અને પછી તમ તન પણ ડૂબે, તેના ભાર તળે અચિતે મહા.

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2012-2014
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# શ્રી અરવિન્દનું કાર્ય

પૃથ્વીના વિકાસાર્થે, અનેક અવતારો થયા,
વિવિધ કોષને વિકસાવીને, તે ફરી ચાલી ગયા,
પાર્થિવ કોષ ને પ્રાણમય, મનોમય કોષ પણ આવ્યો,
તેની પૂર્ણતાને આરે, આ ફરી અવતારને લાવ્યો,
વિજ્ઞાનમય કોષને વિકસાવવા, તેણે ઝડપ્યું બીડું,
શ્રીકૃષ્ણ પણ તેમની વહારે આવ્યા, સપ્ત-ચતુષ્ટય સાધન દીધું,
અષ્ટસિદ્ધિ ને નવનિધિ વિકસી, તેમનાં સ્વરૂપમાં ઘણી,
શ્રી માતાજીની સહાય મળીને, પૂર્ણયોગની ગંગા વહી,
વિજ્ઞાનમય કોષ વિકસાવીને, અતિમનસ ચેતના ધરી,
નવી યોનિ ને નૂતન જગતની, ભૂમિકા તેમણે ઘડી,
આ વ્યક્તિના કર્તૃત્વે જ, દિવ્ય-ચેતને પૃથ્વી વરી,
દિવ્ય-યુગનાં મંડાણ કરીને, એ ફરી પ્રભુમાં જઈ મળી.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ‘‘અર્પણ’’ ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત